



# સનાતન સારથિ ગુજરાતી

માર્ચ–૨૦૨૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦.૦૦
છુટક અંક ની કિંમત રૂ. ૧૦.૦૦



My Dears! The time will come when the whole of this dream will vanish. To everyone of us there must come a time when the whole universe will be found to have been a mere dream, when we shall find that the soul is infinitely better than its surroundings. In this struggle through what we call environments, there will come a time when we shall find that these environments were almost zero in comparison with the power of the soul. It is only a question of time, and time is nothing in the Infinite. It is a drop in the ocean. We can afford to wait and be calm.

With Blessings
(Baba) Sri Sathya Sai Baba

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

**પ્રશાંતિનિલયમ પો.ઓ., જીલ્લો અનંતપુર (આંધ્રપ્રદેશ)**

**ફોન નં. ૩૦**

મારા વ્હાલાઓ!

એવો સમય આવશે જ્યારે આ સંપૂર્ણ સ્વપ્ન નાશ પામશે. આપણામાંના દરેકના જીવનમાં એવો સમય આવશે જ જ્યારે સંપૂર્ણ બ્રહ્માંડ આપણને એક સ્વપ્ન સમાન લાગશે, જ્યારે આપણે શોધીશું કે આત્મા આસપાસના વાતાવરણ કરતાં સારો છે. આ સંઘર્ષમાં જેને આપણે પર્યાવરણ કહીએ છીએ તેના દ્વારા એવો સમય આવશે જ્યારે આપણે જોઈશું કે તે પર્યાવરણ પણ આત્માની શક્તિની સરખામણીએ લગભગ શૂન્ય હશે. એ ફક્ત સમયનો સવાલ છે, અને સમય આ અનંતમાં કશું જ નથી. તે સમુદ્રના એક બુંદ સમાન છે. આપણને રાહ જોઈને શાંત રહેવાનું પરવડી શકે તેમ નથી.

આશીર્વાદ સહ.
(બાબા) શ્રી સત્ય સાઈ બાબા

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૨ ■ અંક ૩૩૯/૧૫**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગત:
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત


**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**

**સનાતન સારથિ દરમહિનાની ર૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**

જ્યારે મન ઈન્દ્રિયોથી મોં ફેરવી લે છે- દૂર જાય છે અને બુદ્ધિ તરફ જ્ઞાનોદય માટે વળે છે ત્યારે આનંદનો પ્રવાહ વહેવાનો શરૂ થાય છે અને આત્માની ભવ્યતા પ્રગટ થાય છે. બુદ્ધિ, આંતરિક શોધને પ્રમોટ કરે છે. જ્યારે આંખો, કાન, જીવ્હા વગેરે ઈન્દ્રિયો - આ બધી બાહ્ય વિષયો/ વસ્તુઓ તરફ ફંટાય છે. દૃષ્ટિને અંદર તરફ વાળવી એ જ સાચી સાધના છે. આ એક, સામા પ્રવાહે તરવા જેવું છે.

- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા



## અનુક્રમણિકા...

| પા.નં. | |
|---|---|
| ૪ | **સત્યમાં લીન થઈ ઐક્યતાનો અનુભવ કરો** – અવતાર વાણી |
| ૬ | **કૃષ્ણ પ્રત્યે પૂજ્ય ભાવ** – ભાગવત વાહિની - પ્રકરણ ૧૫ |
| ૮ | **દિવ્ય મહિમાનો પ્રભાવ – પ્રભુ પ્રત્યેની યાત્રા** – કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા) |
| ૧૦ | **દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો** – રાણી સુબ્રમણ્યન્ |
| ૧૫ | **શ્રી સત્ય સાઈ બાબાનું જન્મ સ્થળ** |
| ૧૭ | **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના અનુભવો** – જ્યોત્સના રેડ્ડી |
| ૨૦ | **દિવ્ય નામની શક્તિ** – ભગવાનનો શિવરાત્રી સંદેશ |
| ૨૪ | **સાઈ ભજનો થકી પ્રેમનો પાઠ** – એસ. રવિકુમાર |
| ૨૯ | **પ્રશાંતિ સમાચાર** |

Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.ssssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

અવતાર વાણી

# સત્યમાં લીન થઈ ઐક્યતાનો અનુભવ કરો
## સર્વે કાર્યોને ભગવદ્ કાર્ય ગણો

એક વખત બ્રહ્મર્ષિ વશિષ્ઠ અને રાજર્ષિ વિશ્વામિત્ર વચ્ચે સ્પર્ધા થઈ. આદિશેષને આ સ્પર્ધાના જજ્ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા કેમ કે તેઓ ડહાપણ, તપ અને સર્વોચ્ચ જ્ઞાનથી કૃપાન્વિત હતા. તેઓ દિવ્યતા અને જોરદાર દિવ્ય શક્તિઓ અને ગુણો ધરાવતા હોવાથી સમગ્ર પૃથ્વીનું વજન ઊઠાવી શકતા હતા. તેમણે જજ્ બનવા સંમતિ આપી પણ એક શરતે કે આ પૃથ્વીને કોઈ ટેકો આપવા તૈયાર થવું જોઈએ. વિશ્વામિત્રે પૃથ્વી ઊઠાવવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ રહ્યા. બીજી બાજુ, વશિષ્ઠ તેમના જ્ઞાન અને તપને કારણે પૃથ્વીને સમતોલનમાં રાખી શક્યા. માત્ર ભક્ત અને તેની ભક્તિ જ પૃથ્વીનો બોજ ઊઠાવી શકે, બાકી બીજું કોઈ નહીં.

### ભક્તિની સર્વોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરો.

ભક્તિ એવી સર્વોચ્ચ અવસ્થા છે જે મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે. તે બધી જ તકલીફો દૂર કરે છે, તમામ માનસિક પ્રશ્નોનું નિરાકરણ કરે છે અને મોક્ષ-મુક્તિ પ્રદાન કરે છે. જે ભગવાનનું મનન-ચિંતન-ધ્યાન-ધરે છે તે ભગવાન બની જાય છે. આ અવસ્થા પ્રાપ્ત કરવા મન, વાણી અને કર્મની એકરાગિતા હોવી જરૂરી છે. વશિષ્ઠ તે પ્રમાણે જ તેમનું જીવન જીવ્યા હતા, પરંતુ વિશ્વામિત્ર તેમના ક્રોધને કારણે તે અવસ્થા પ્રાપ્ત કરી શક્યા નહોતા. અહીં એક બલ્બ અને વાયર છે. વાયરમાંથી વીજ પ્રવાહ પસાર થાય છે અને બલ્બ સળગે-પ્રકાશ-આપે-છે. તે જ પ્રમાણે દિવ્ય પ્રવાહ સૌમાં વિદ્યમાન છે જ. મનુષ્યે એ સમજી લેવાનું છે કે તે દિવ્યતા સર્વેમાં મોજૂદ છે. પરંતુ, સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસાના માનવ મૂલ્યોના અભાવે આજનો આધુનિક મનુષ્ય દિવ્યતાની સર્વવ્યાપકતાને ઓળખી શક્તો નથી.

જો તમને હારની જરૂર હોય તો કોઈ ને કોઈ તેને બનાવવાવાળું હોવું જોઈએ. તમારી પાસે ફૂલ, સોય અને દોરો છે, છતાં યે કોઈક તેને બનાવનારો હોવો જોઈએ. તમારી પાસે સુવર્ણ છે પણ આભૂષણો-દાગીના-બનાવવા સોની હોવો જોઈએ. તમારી પાસે દીવો, તેલ અને વાટ છે પરંતુ દીવો પ્રગટાવવા કોઈ હોવું જરૂરી છે. તે જ પ્રમાણે તમારી પાસે તમામ અંગો સાથેનું શરીર છે, પણ તેને કાર્યરત બનાવનાર દિવ્ય શક્તિ-ઊર્જા-છે. જેમ ઓછા વોટેજવાળો (વીજ શક્તિનું ઓછું પ્રમાણ ધરાવતો) બલ્બ ઝાંખો (ઓછો) પ્રકાશ આપે છે, તે પ્રમાણે આધ્યાત્મિક શક્તિની ઓછપ (ઊણપ) માનવીને નબળો બનાવી દે છે. તેથી, મનુષ્યે વધુ ને વધુ પ્રેમ વ્યક્ત કરવો જોઈએ જેથી શરીરની અભ્યંતરની દિવ્ય લાઈટ (પ્રકાશ) અધિક તેજથી પ્રકાશી શકે. પ્રત્યેક કાર્યને પ્રભુનું જ કાર્ય ગણો અને પ્રેમ વિક્સાવો. જ્યારે પ્રેમ વધે છે તેમ તેમ શ્રદ્ધા પણ વધતી જશે. શંકા શ્રદ્ધા ઘટાડે છે. મનુષ્યમાં આજે સ્થિર અને દ્રઢ શ્રદ્ધા નથી કેમ કે તેનામાં શંકાનો કીડો છે. તમારી પાસે ટાંકીમાં ભરપૂર પાણી હોય પણ પાણી બહાર કાઢવા તમારે નળ ખોલવાની જરૂર છે. તે પ્રમાણે, ભગવાન અનંત પ્રેમ અને પરમાનંદથી ભરપૂર છે. આ બધું મનુષ્ય ત્યારે જ મેળવી શકે જ્યારે તે ભક્તિરૂપ નળ ખોલે.

રાધા અને ગોપિકાઓને કૃષ્ણ માટે ગહન, સંપૂર્ણ પ્રેમ હતો. તેઓ માત્ર ને માત્ર કૃષ્ણની વાતો કરતી અને દુન્યવી બાબતો વિષે તેમની શક્તિનો વ્યય કર્યા વિના કૃષ્ણની બાંસુરીના મધુરાં સંગીતનું શ્રવણ કરતી. કોઈને એવો વિચાર આવે કે રાધા જેવી સંપૂર્ણ ભક્તિ પ્રાપ્ત કરવી અશક્ય છે, પરંતુ દરેક વસ્તુને ભગવાનનું કાર્ય ગણીને તે સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે.

**ભગવાન સાથે ગાઢ મિત્રતા કેળવો.**

તમારામાંથી ઘણાં લોકો મદ્રાસ(ચેન્નાઈ) અને પ્રશાંતિનિલયમ જેવી જુદી જુદી જગ્યાએથી અત્રે પધાર્યાં છે. તમે પ્લેન, કાર, ટ્રેન અને બસ જેવા જુદાં જુદાં પરિવહન સાધનો મારફતે આવ્યા હશો. તેથી, પરિવહનના સાધનોને આધારે તમે પ્રવાસમાં અલગ અલગ સમય વ્યતીત કર્યો હશે. પેસેન્જર ટ્રેનથી મુસાફરી કરો તો વધુ સમય લાગે જ્યારે એક્સપ્રેસ ટ્રેનથી મુસાફરી કરો તો તમારા ગંતવ્ય સ્થાને ઝડપથી પહોંચી શકશો. તે જ પ્રમાણે ભગવાન પાસે પહોંચવાના જુદાં જુદાં માર્ગો છે જેમ કે, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ અને કર્મ માર્ગ, છતાં દરેક માર્ગ એક જ લક્ષ્ય પ્રતિ દોરી જાય છે. ભક્તિના નવ માર્ગો (નવધાભક્તિ) છે; શ્રવણમ્, કિર્તનમ્, વિષ્ણુસ્મરણમ્, પાદસેવનમ્, વંદનમ્, અર્ચનમ્, દાસ્યમ્, સ્નેહમ્ (સખ્યમ્), આત્મનિવેદનમ્. આપણે આપણાં જૂનાં મિત્રોને આપણાં ઘરે બોલાવીએ છીએ અને તેમનો સત્કાર કરીએ છીએ. પરંતુ આપણા સૌથી જૂનામાં જૂના અને ગાઢ મિત્ર ભગવાન જ છે. ત્યાગરાજે ભગવાનને તેમના સૌથી જૂનામાં જૂના અને શ્રેષ્ઠ મિત્ર ગણ્યાં હતા. જૂનું એ સોનું છે. ભગવાન સાથે ગાઢ મિત્રતા કેળવો. દુન્યવી મિત્રો પસાર થતાં વાદળાં જેવા છે. દુન્યવી મિત્રતા હોદ્દા અને શક્તિ-સત્તા-ઉપર આધાર રાખે છે, જ્યારે ભગવાન તો સદા તમારી સાથે જ છે. ભગવાન તમારામાં, તમારી સાથે અને તમારી ચોપાસ છે. ભગવાન આવીને ચાલ્યા જતા નથી. ભગવાન શાશ્વત-સનાતન-છે.

ભગવાન પૂર્ણ પ્રેમ છે. આ જગતમાં, તમે અને દુનિયા હંગામી (કામ ચલાઉ) છો, પણ સત્ય અને પ્રેમ કાયમી છે. સત્ય ભગવાન છે. માટે સત્યનું અનુસરણ કરો. ઊંચે ને ઊંચે જવામાં પક્ષીને સમર્થ બનાવતી બે પાંખોની જેમ પ્રેમ અને સત્ય તમને ઊંચાઈ સર કરવા સમર્થ બનાવે છે. તેથી, સત્ય ને પ્રેમના પથનું આચરણ કરો, આ સર્વોચ્ચ પથ છે જે આપને સર્વોચ્ચ ઉન્નત ઊંચાઈએ મોકલી શકે છે.

દરેક વસ્તુ ભગવાન જ છે. માટે તમારો સમય ભગવાનના સામીપ્યમાં વીતાવો. લોહચુંબક અને લોખંડનું ઉદાહરણ લો. જ્યારે લોખંડ લોહચુંબકની નજીક સંપર્કમાં આવે છે ત્યારે તે લોહચુંબકની સાથે એક થઈ જાય છે. તે જ પ્રમાણે, બ્રહ્મને જાણનાર બ્રહ્મ બની જાય છે. તમે અમરત્વના સંતાનો છો. તમે સનાતન છો અને ભગવાન સાથેનો તમારો નાતો સનાતન છે. આ શરીર ઘણાં જન્મો લેતા લેતા બદલાયા કરે છે પણ આત્મા, મન અને તમારાં કર્મો જન્મોજન્મ ચાલુ જ રહે છે. જેમ એક હિસાબનીશ આખા દિવસનો સરવાળો કરે છે અને સિલક બીજા પાને લઈ જાય છે તેમ મન બીજા જીવનમાં જાય છે. તેથી, આપણે મનને સૌ પ્રથમ ઈંદ્રિયોના નિગ્રહથી અંકુશમાં રાખવાનું છે. સત્યમાં લીન થઈ જાવ અને ઐક્યતાનો અનુભવ કરો.

**(તા. ૧૬મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું પ્રવચન)**

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૬

# કૃષ્ણ પ્રત્યે પૂજ્યભાવ

જ્યારે જ્યારે મહારાજા પરીક્ષિત, કોઈ પણ પ્રદેશની મુલાકાતે જતા, ત્યારે ત્યાંના શાસનકર્તા અને રાજાઓ ભારે ઉત્સાહથી, લશ્કરી ઠાઠમાઠ પૂર્વક અને રાજકીય સમ્માન આપીને આવકારતા અને સત્કારતા. તેઓએ જાહેર કર્યું હતું કે મહારાજા જે પ્રકારની સેવા ઈચ્છતા હશે અથવા જે કરવાનું અપેક્ષિત હશે તે પ્રકારની વફાદારીપૂર્ણ સેવાઓ તેમને આપવામાં આવશે. પરીક્ષિતે જવાબમાં કહ્યું હતું કે તેમને તેમની કોઈ સેવાની આવશ્યક્તા નથી. માત્ર તેઓ એટલી જ આશા રાખે છે કે તેઓ, તેમને ભરોસે રહેતી પ્રજાની કાળજી લે અને તેમની સુખ-સમૃદ્ધિ માટે તેમજ તેઓ (પ્રજા) સુખી થાય તેવા કાર્યો કરે. તેમણે ખાસ ભલામણ કરી કે, તેઓ તેમના રાજ્યમાં, બ્રાહ્મણો અને મહિલઓને કોઈ હેરાનગતિ ન થાય તેની વિશેષ કાળજી લે. તેમના દ્વારા શાસિત રાજ્યમાં, ઈશ્વરની આરાધના-પૂજા તરફ લોકો વધુ પ્રેરિત થાય તેવા પ્રયાસ કરવા તેમણે કહ્યું. પોતાના ખંડીયા રાજાઓને તેમણે આવી જ વિનંતીઓ કરી હતી.

એમના સામ્રાજ્યના કેટલાક વિશેષ પ્રદેશોમાં, લોકો તમના વડવાઓના પરાક્રમ અને કીર્તિ નિરૂપણતાના લોકગીતો ગાઈને એમનું મનોરંજન કરતા. લોકો પાંડવ બંધુઓની શ્રેષ્ઠતા અને સિદ્ધિઓનું ગુણગાન કરતા ગીતો ગાતા. ભગવાન શ્રી કૃષ્ણે પાંડવો ઉપર જે કૃપા અને આશિષ વર્ષાવ્યા હતા અને પાંડવોએ હંમેશા દરેક સમયે ભગવાન કૃષ્ણને જે ભક્તિભાવ અને શ્રદ્ધાથી ભજ્યા હતા, તેની સ્તુતિ કરતા ગીતો તેઓ ગાતા. પાંડવો અને કૌરવોના વેશ ધારણ કરીને, કૃષ્ણને તેમની વચ્ચે ઉભા રાખીને, તેઓ નાટકો રજૂ કરતા કે જેમાં કૃષ્ણએ આ સાધનો સાથે કઈ રીતે બધી ગોઠવણી કરી હતી, તેની વાતો તે ખુલ્લી કરીને કહેતા.

જ્યારે પરીક્ષિત આ બધું જોતા અને ગીતો સાંભળતા, ત્યારે પોતાની લાગણીઓ ઉપર સંયમ રાખવાનો પ્રયત્ન કરવા છતાંય, તેમના ગાલ ઉપરથી આંસુઓની ધારા વહેવા લાગતી. ભાટ અને કવિઓ, કથાકારો, કલાકારો અને મંચના આયોજકોએ, એવું તારણ કાઢ્યું કે સમ્રાટને આવા કથાનકો આધારિત જ નાટકો અને ગીતો પ્રભાવિત કરે છે; આથી તેઓએ બીજા ક્ષેત્ર ઉપર કે બીજા વિષયો ઉપર ધ્યાન આપવાનું છોડી દીધું અને માત્ર ને માત્ર પરીક્ષિત મહારાજાના વંશજોના ઈતિહાસ પર અને તેમાંયે કૃષ્ણએ દરેક સંકટોમાં તેમની અતિશક્તિવાન કૃપાને કારણે કેવી રીતે રક્ષા કરી, તે ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. સમ્રાટ પણ પૂજ્યભાવથી બધું સાંભળતા અને ખૂબ ભક્તિભાવપૂર્વક બેસી રહેતા. બીજી રીતે પણ તેઓ પોતાનો આદરભાવ દેખાડતા. તેઓ ખૂબ જ ખૂશ હતા-આનંદની ટોચ ઉપર હતા. તેઓ તેમના મંત્રીઓ અને વડિલો પાસેથી આ બધી કહેવામાં આવતી વાર્તાઓ ખરેખર સાચી જ હતી, તેની ખાત્રી કરી લેતા. આમ તેમની શ્રદ્ધા અને ભક્તિ વૃદ્ધિ પામતા; અને તેથી તેઓ આવી તકો વધુ ને વધુ શોધતા રહેતા અને તેમાંથી વધુ ને વધુ આનંદ મેળવતા રહેતા. તેઓ, નાટ્ય કલાકારો અને સંગીતકારો પ્રત્યે ખૂબ પ્રેમાદર દર્શાવતા અને એમને વિપુલ પ્રમાણમાં બક્ષિસોથી બિરદાવતા.

જ્યારે આ સમાચાર બધે ફેલાવા લાગ્યા કે પોતાના વડિલોની અને કૃષ્ણના ગીતોથી પરીક્ષિત બહુ જ આનંદ પામે છે ત્યારે એવા લોકો કે જેમને આ બધી બાબતોનો વ્યક્તિગત સ્તરે અનુભવ થયેલ હતો, તેવા લોકો મહારાજાને તેઓ જ્યાં જાય ત્યાં ઘેરી વળતા. તે લોકો તેમના ભક્તિભાવસભર શાસકને પોતાની નજરે જોવા આતુર હતા. એક વખત, જ્યારે મહારાજા મથુરાથી પરત ફરી રહ્યા હતાં ત્યારે રસ્તાની બાજુમાં એક વૃદ્ધ બ્રાહ્મણ રાજાની નજરે પડવા માટે ઉભો હતો. મહારાજા તેને જોવાનું

ચૂક્યા નહીં. તેઓ તે(વૃદ્ધ)ની પાસે ગયા અને પ્રેમપૂર્વક કુશળ અંતર પુછ્યા. બ્રાહ્મણે કહ્યું, "હે મહારાજા ! વર્ષો અગાઉ કૃષ્ણની દિવ્ય સંન્નિધિમાં, તમારા દાદા ધર્મરાજાએ અશ્વમેધયજ્ઞ કર્યો હતો ત્યારે કર્મકાંડ કરાવનારા બધા પુરોહિતોમાં હું પ્રમુખસ્થાને ઋત્વિક હતો. તે વખતે પણ કૃષ્ણે મારી પાસે આવી, તમે આજે મને જેટલો પ્રેમ દર્શાવો છો ને તેટલા જ પ્રેમથી, મારાકુશળવર્તમાન પુછ્યા હતા. તમારા શબ્દો મને એમના શબ્દોની યાદ અપાવે છે." બ્રાહ્મણના બાકીના કહેલા શબ્દો હિબકા અને ડુસકાઓમાં ઓગળી ગયા. ત્યારે પરીક્ષિત બોલી ઉઠ્યા, "ઓહો! તમે કેટલા ભાગ્યશાળી છો કે યજ્ઞશાળા (ઋત્વિકોને યજ્ઞ કરવા માટેની જગ્યા) માં પ્રભુ પોતે તમારી સાથે પ્રત્યક્ષ વાતો કરી.'' મહારાજાએ તરત જ પોતાના ખભા ઉપરથી વસ્ત્ર ઉતારી તેની ઘડી કરી નીચે પાથરી અને તે વૃદ્ધને આરામથી બેસી જવા વિનંતી કરી અને કહ્યું કે ભગવાન સાથે થયેલા, યજ્ઞશાળાના અને બીજા સ્થાનોના અનુભવો અંગે કાંઈક વધુ કહો.

મંદ સ્વરે તેઓ બોલ્યા, "તે દિવસે મેં જે ભૂલ કરેલી, તેનું દુઃખ હું સહન કરી શક્તો નહીં હોવાથી, મારૂ હૃદય ભાંગી પડે છે." વૃદ્ધ રડવા લાગ્યા. મહારાજાએ પૂછ્યું, "વડિલ ! મહાત્મન્ ! શું ભુલ થઈ? જો તે મને કહી શકાય એવી હોય તો મારે સાંભળવી છે." સમ્રાટે તે વૃદ્ધજનના બન્ને હાથ પોતાના હાથમાં જોડેલી સ્થિતિમાં પકડી રાખીને, બધી વાતો વિગતે કરવા આગ્રહ કર્યો.

બ્રાહ્મણે જવાબ આપતા કહ્યું, "તે દિવસે, અમે બધા-જેઓને યજ્ઞને માટેના પુરોહિત તરીકે પવિત્ર કાર્ય માટે પસંદ કરવામાં આવેલા,-અમને ભેટ કરવામાં આવેલા પવિત્ર વસ્ત્રો ધારણ કરીને, પરિશુદ્ધિત કરેલા પ્રાંગણમાં પ્રવિષ્ટ થયા. પછી સુવર્ણ સિંહાસન પર બેઠેલા ભગવાન કૃષ્ણે, સુવર્ણ પાત્રમાંના જળને રેડવાનું---ના---ના--- હું હવે આગળ કાંઈ કહી શકતો નથી- મને શબ્દો જ જડતા નથી." આમ કહી એ વૃદ્ધ રડતા અને હિબકા ખાતા જતા-પોતાનું કથન આગળ ન વધારી શક્યા.

એક એવા બિંદુ સુધી પહોંચી ગયેલી વાર્તા, અચાનક જ અટકી પડતા, મહારાજાની જીજ્ઞાસામાં અનેકગણો વધારો કરી દીધો. તેઓ વિનવવા લાગ્યા, "શું થયું પછી વડિલ ! મને મહેરબાની કરીને કહો તો ખરા !" બ્રાહ્મણે થોડી હિંમત ભેગી કરી, "હે રાજન્, શું કહું બોલો ? અમને ઋત્વિકોને તે સોનાના થાળમાં અમારા પગ મૂકવાનું કહેવામાં આવ્યું અને ભગવાને અમારા દરેકના ચરણ ધોયા અને એમના ખભા પરના વસ્ત્રથી તેમણે અમારા પગ લુછીને કોરા કર્યા અને એ ચરણોદકને પોતાના મસ્તક ઉપર છાંટ્યુ. તે બધામાં હું જ મુખ્ય હોવાથી, ક્રિયાકાંડની બધી વિગતો અંગે મારી સાથે ચર્ચા વિચારણા કરી. અંતે યજ્ઞાગ્નિમાં છેલ્લી આહુતિ અર્પણ કરવાના દિવસે, તેમણે અમને, શંખ, ચક્ર, ગદા અને પદમ્ ધારણ કરેલ એવા પોતાના દિવ્ય દર્શન આપ્યા અને એ દર્શન થવાથી અમારા બધાની બંધનમાંથી મુક્તિ થઈ ગઈ-હંમેશને માટે. હવે આ કૃપાળુ ભગવાન આપણા બધાથી દૂર છે ત્યારે રણમાં સૂર્યના પ્રખર તાપમાં તરસ્યાને, થોડા જળબિંદુ મળે તો કેવું લાગે, તેવું તમને જોઈને હું એ જળટીપા પી રહ્યો છું.

બ્રાહ્મણે પોતાની વાર્તા કહેવાની પૂરી કરીને, પોતાની ધોતીના છેડે બાંધી રાખેલી ગાંઠમાં સાચવી રાખેલી અક્ષતા કાઢીને, પરીક્ષિતના બન્ને હાથ હાથમાં લઈને, એમના માથા પર એ અક્ષતા મૂકી. પરીક્ષિત આ આશીર્વાદને સ્વીકારીને બોલ્યા, "શ્રીમાન, હું ખરેખર નસીબવાન છું જો કે મેં, શ્રી કૃષ્ણને સદેહે નથી જોયા પરંતુ એમણે જેમના ચરણોને પૂજ્યા છે તેવા આપશ્રીને મળવા હું સદ્દભાગી બન્યો છું." એમ કહીને મહારાજા એ વૃદ્ધ બ્રાહ્મણને ચરણે પડ્યા. રાજાએ મંત્રીઓને બોલાવ્યા અને એ બ્રાહ્મણને પાલખીમાં બેસાડી, એમને ઘેર માનભેર મૂકી આવવા સૂચનાઓ આપી. રાજાએ તેને વિપુલ પ્રમાણમાં ધન અને કિંમતી ભેટો આપી....

(ક્રમશઃ)

# દિવ્ય મહિમાનો પ્રભાવ
# પ્રભુ પ્રત્યેની યાત્રા

કરુણામ્બા રામમૂર્તિ (કન્નમ્મા)

ઉત્સવો દરમિયાન સ્વામીના આનંદનો પાર રહેતો નહોતો. ઢગલેબંધ ફૂલોને તેમાંથી ભક્તો ભજનો ગાતાં ગાતાં, મંદિરને શણગારતા શણગારતાં ફૂલોના હાર બનાવતા હતા, અને સ્વામી તે બધાંની સાથે ભળી પણ જતાં. મોડી સાંજે સ્વામીને ફૂલોથી લદાયેલી પાલખીમાં બિરાજમાન કરવામાં આવતા અને ગામમાંથી શોભાયાત્રા કાઢવામાં આવતી. ભક્તો ભજનો ગાતાં શોભાયાત્રાની આગળ ચાલતા. તેઓ સ્વામીના કપાળ ઉપર કંકુ, જ્યોતિ અને વિભૂતિ પ્રગટ થતી જોતાં. યાત્રા માટે એક વખત બેંગલુરુથી બેન્ડવાજાવાળાને બોલાવવામાં આવ્યા હતા. તે બાબતની ગ્રામ્યજનોને ખબર પડી. ગ્રામ્યલોકો જ યાત્રા માટેનું બેન્ડ વગાડવાનું કામ કરતા આવ્યા હતા. યાત્રા માટેની તૈયારીઓ થઈ રહી હતી ત્યાં મંદિરમાં તેઓ આવી પહોંચ્યા અને બોલ્યા, “સ્વામી, યાત્રા માટે સંગીત વગાડવા આ વખતે તમે અન્ય કોઈને  બોલાવ્યા છે. હાલ પર્યંત બધી જ શોભાયાત્રાઓ માટે અમે જ તે કામ કરતા આવ્યા છીએ. તમને અમારી જરૂર નથી. તમે ગમે તે કહેશો, યાત્રા માટે અમે જ સંગીત વગાડીશું. આવું કહેતા, બેંગલુરુના બેન્ડને તેમણે બાજુએ ખસેડી દીધું અને પરંપરાગત રીતે સંગીત વગાડવાનું ચાલુ કરી દીધું તથા યાત્રાના અગ્રભાગે ચાલવા માંડ્યું. ત્યાર પછી, સ્વામીએ તેઓને કશું કહ્યું નહીં. થોડું અંતર કાપ્યા પછી સ્વામીએ પેલા બેન્ડને સાંત્વના આપીને પરત મોકલી આપ્યું.

મંદિરમાં જે કોઈ બીમાર થતું તેને માટેની દવા સ્વામીએ સૃજન કરેલી વિભૂતી હતી. શાકભાજી,



ફળો અને ખાદ્ય સામગ્રીઓ પુટ્ટપર્તિમાં ઉપલબ્ધ નહોતી. તે બધું છેક બુક્કાપટનમથી ગાડાઓ મારફતે લાવવું પડતું હતું. જે કંઈ પુટ્ટપર્તિમાં મળતું હતું બધું ખરેખર સારું જ હતું; ઘટ્ટ દૂધ, દહીં અને ચમેલીના પુષ્કળ ફૂલો. સ્વામી વિનોદપૂર્વક કહેતા, “તમે બધાં મારે માટે નહીં, પણ સ્વાદિષ્ટ દૂધ અને દહીં મળે છે તે માટે અહીંયા આવો છો.” પ્રત્યેક વ્યક્તિ ચમેલી ફૂલના હાર બનાવતી અને તે બધાં હારો સ્વામીને ચઢાવતાં જેનો સ્વામીના કાન સુધી ઢગલો થઈ જતો. નીચે પગ સુધી હાર લાંબા હોય તે જોઈને સ્વામી પ્રસન્ન થતા. અમે જોઈએ તેટલા પાદનમસ્કાર લેતાં, જોઈએ તેટલા ફૂલહાર ચઢાવતાં, લંચ સમયે તેમની સમીપ બેસતાં અને લાંબી ચર્ચાઓ કરતાં. અમે સ્વામીને જે કંઈ

ખવડાવતાં તે ત્યાં જ સ્વામી આરોગી જતાં. કેટલાં આશ્ચર્યજનક દિવસો હતા ! તે દિવસો દરમિયાન સ્વયં સ્વામી ભક્તોને પત્રો લખતા-જે પ્રેમ અને કરૂણાસભર તેમજ ઉપયોગી જીવન જીવવા ભક્તોને માર્ગદર્શન આપતા. દશેરા અને જન્મદિન ઉત્સવો માટે જેમને આવા પત્રો અને આમંત્રણ પત્રિકાઓ મળ્યા હતા તે બધાંને તે લોકોએ એક ખજાના તરીકે સાચવી રાખ્યા છે. તેમાંના થોડાક અમારી પાસે હોવાથી અમે ધન્ય છીએ.

દૂધ અને દહીં ફક્ત સવારે જ મળતાં. સાંજને માટે તેને સંગ્રહી રાખવા પડતાં. પુટ્ટપર્તિ ખાતેના કૂતરાં અને બિલાડાંની મોટી વસ્તી ઇર્ષ્યા ન થાય તેવું કામ કરી દેતી. દૂધ-દહીં ભરેલા વાસણો સાચવવા માટે સલામત જગ્યા નહોતી. તે બધાંની ઉપર સતત ધ્યાન રાખવું પડતું, નહીં તો પ્રાણીઓ, વાસણોને બગાડી કાઢતાં અને અંદરથી બધું સ્વાહા કરી જતાં. સૌથી ખરાબ એવું થતું કે કો'ક વાર વાસણો સાથે પણ ભાગી જતાં ! એક ત્રસ્ત મહિલા ભક્તે તેની કથની વિષે સ્વામીને જણાવ્યું તો તેને ઠપકો આપવામાં આવ્યો, "હું અહીંયા કૂતરાં-બિલાડાં જોવા માટે નથી આવ્યો, પણ તું કોની લાગણીઓને ઠેસ પહોંચાડે છે તે હું ચોક્કસ જોઈશ !" દઝાડી દેતી ગરમીએ અમારા દુઃખોમાં ઉમેરો કર્યો. તેમ છતાં, એકેએક જણને સ્વામીની નિકટ રહેવું હતું અને જ્યારે તેમને પોતાના ઘરે પરત ફરવાનો અને આપ્તજનો પાસે જવાનો સમય આવ્યો ત્યારે સૌ દુઃખી થઈને રડવા જેવા થઈ ગયા હતા.

અરે, આજે પણ એવા લોકો છે જેઓ સ્વામીની દિવ્યતાના પ્રગટીકરણ ઉપર શંકા ઉઠાવે છે અને તેને જાદુ, ચાલાકી, વગેરે, વગેરે, કહે છે. પુરાણા દિવસોમાં તે આશા રાખવી સ્વાભાવિક હતી કે ત્યાં અધિક શંકાશીલ લોકો હતા. તેઓના મનને જાણી જતા એટલે સ્વામી તેમને નદીના વિશાળ પટમાંથી ગમે ત્યાંથી મુઠ્ઠીભર રેતી લેવાનું કહેતા અને જે જોઈએ તે રેતીમાંથી મળતું પણ ! પ્રશંસા અને ટીકાથી અનભિજ્ઞ સ્વામી ભક્તો માટે એક પછી એક ચમત્કારો કર્યે જ જતા. તે સમયે ચમત્કારો કરવાનું ફક્ત તેઓ જ જાણતા હતા. કેટલાક તેમને નિરાંતે જોયા કરતા, અન્ય કેટલાક વિસ્મય અને દિગ્મૂઢતાથી જોતા તો કેટલાક આનંદથી જોતા. આવા ચમત્કારોના યથાર્થ ઈરાદા અને હેતુ માટે સ્વામી ભક્તોની આંખો ખંતપૂર્વક અને ધીરજથી વારાફરતી ખોલતા. તેમ છતાં, અગાઉના દિવસોમાં અમને એવું કંઈક લાગતું કે અમારો ખરો આનંદ, સ્વામીને કશું પૂછવામાં કે કશું માંગવામાં નહીં બલકે, સ્વામીને નીરખવામાં અને તેમની નિકટ રહેવામાં જ હતો !

આવી રીતે સ્વામી થોડાં વધુ વર્ષો સુધી ભક્તો સાથે મુક્ત રીતે મળતા રહ્યા. જેમ ભક્તોની સંખ્યા વધતી ગઈ, રહેણાંકની અછત ઊભી થઈ. એક ભક્તે મંદિરની સામે એક 'શેડ' બનાવ્યો. કેટલાક ઉત્સવો ત્યાં ઉજવવામાં આવ્યા. ઉત્સવો દરમિયાન સ્વામી મીઠાઈઓ વહેંચતા. ભક્તો સ્વામીને ઝૂલા ઉપર બેસાડતા અને ભજનો ગાતા. ઝૂલા પર બિરાજમાન સ્વામીનું દ્રશ્ય જોઈને બધા હસમુખા થઈ જતાં. ૧૯૫૦માં સ્વામી પ્રશાંતિનિલયમમાં આવ્યા જે અત્યંત વિશાળ હતું. તેને નવા મંદિરથી ઓળખવામાં આવ્યું. ભક્તોની સ્વામી સાથેની સમીપતા ઘટવા લાગી, ત્યારથી, દરેક વસ્તુ પુટ્ટપર્તિમાં બદલાઈ ગઈ સિવાય કે સ્વામીની હાજરીમાં મહિનાઓ ગાળ્યા પછી પોતપોતાના ઘરે જવાની ભક્તોની આનાકાની !

**(કરુણામ્બા રામમૂર્તિ લિખિત પુસ્તક "શ્રી સત્ય સાઈ આનંદદાયી" માંથી ઉદ્ધૃત).**

# દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો

રાણી સુબ્રમણ્યન્

સ્વામી દરેક વસ્તુ જાણે છે. આપણે માત્ર સાધુજનો છીએ (હાની ન કરનારા લોકો) સાધુઓ (સંન્યાસીઓ) નહીં. આપણે પ્રાર્થના કરીએ છીએ, પરંતુ તે પૂરતું છે. આપણે ચિંતન કરતા નથી કે તપશ્ચર્યા કરતા નથી. આમ છતાં જ્યારે બોલાવો આવ્યો અને અમે જ્યારે પ્રશાંતિનિલયમ પહેલી જ વખત આવી પહોંચ્યા, ત્યારે તેમણે અમને પરિવર્તિત કરી દીધા ! કેવી રીતે?

**<u>સ્વામી દરેક પ્રાર્થના સાંભળે છે.</u>**

સ્વામી કહે છે જો મા-બાપ પોતાના બાળકો માટે પ્રાર્થના કરે છે, તો તે સાંભળે છે. જો આપણે પ્રાર્થના કરીએ કે અમારા બાળકો સારી સ્થિતિમાં હોવા જોઈએ અને પુષ્કળ પૈસા કમાવવા જોઈએ, તે સાંભળશે ખરા પરંતુ તે તેમને બહુ ખુશ નહીં કરે. આમ છતાં, જો આપણે પ્રાર્થના કરીએ કે અમારા બાળકોએ પોતાના પૂરા હૃદયથી તેમને ચાહવા જોઈએ અને તેમની સેવા કરવી જોઈએ, તો તે ખૂબ જ ખુશ થશે, તે આવી પ્રાર્થનાઓ ને પરિપૂર્ણ કરે છે. મને લાગે છે કે મારી માતાએ આવી પ્રાર્થના કરેલી, કારણકે હાલમાં અમે ત્રણે બહેનો તેમની (ભગવાનની) જોડે છીએ ! ભગવાને એક વખત અમને કહેલું કે અમારી માતા એક ધર્મનિષ્ઠ (ભાવુક) સ્ત્રી હતી. તે નાની ઉંમરે મૃત્યુ પામેલ. પરંતુ તેની એકમાત્ર ઈચ્છા હતી કે પોતાની પુત્રીઓએ ઈશ્વરને મજબૂત રીતે પકડી રાખવા જોઈએ. તેમણે એક વખત કહેલું, "તમારી માતાની પ્રાર્થનાએ તમને ત્રણેય બહેનોને અહીં લાવીને મૂકેલ છે". તેમને મારી માતા અંગે કેવી રીતે જાણ થઈ? તે તો તેણીને ક્યારેય મળ્યા પણ નથી ! આ વિચારે મારામાં એક માન્યતાને પ્રબળ બનાવી કે તે આપણી સંનિષ્ઠ અને ભાવપૂર્ણ પ્રાર્થનાઓને સાંભળે છે. અહીંયા મને એ ઉમેરવું ગમશે કે મારા દાદીમાં પણ ભગવાનથી ડરીને ચાલનારા અને તેમણે પણ આ જ રીતે પ્રાર્થના કરેલી હોવી જોઈએ.

**<u>દિવ્ય કાર્યનો ઉપહાર.</u>**

પોતાના કાર્યના અનુસંધાનમાં, મારા પતિ ભોપાલ ખાતે સ્થાયી થઈ ગયા. તમે જાણતા જ હશો કે ભોપાલને મધ્યપ્રદેશની રાજધાની બનાવવામાં આવેલી. આ સ્થળે જ્યારે અમે રહેતા હતા, ત્યારે મેં પ્રથમ વખત પુટ્ટપર્તીની મુલાકાત લીધેલી. ભોપાલથી આવી એક મુલાકાતને સાંકળતો એક પ્રસંગ મને યાદ આવે છે. એક સાંજે પ્રશાંતિનિલયમમાં સ્વામી એ મને ઉપરના માળે બોલાવેલ અને કહ્યું, "હવે તમે મધ્યપ્રદેશમાં રહો છો, ખરું કે નહીં?" મેં કહ્યું, "હા સ્વામી, હું ભોપાલથી જ આવું છું". તે ઘણીવાર પૂછ્યા કરતાં કે અમે ક્યાંથી આવેલા. કારણ કે અમે અમારા રહેઠાણો ઘણી વાર બદલતા ત્યારબાદ તેમણે કહ્યું, "ભોપાલમાં કોઈ સત્ય સાઈ સેવા સમિતિ નથી? તમે ત્યાં સત્ય સાઈ સેવા સમિતિ શરૂ કરો". ત્યાર પછી તેમણે મને પ્રસાદ રૂપે એક સફરજન આપ્યું.

મને ખબર જ ન હતી કે સમિતિ (સાઈ સેન્ટર) કેવી રીતે શરૂ કરવું. પરંતુ હું એવું પણ ન કહી શકી કે હું તે શરૂ નહીં કરું. હું ખૂબ જ પરેશાન બની ગઈ, મેં તેમને કશું કહ્યું નહીં, પરંતુ અંદરથી હું ખૂબ અસ્વસ્થ હતી. મેં પ્રાર્થના કરી, "સ્વામી, ત્યાં હું કોઈને ઓળખતી નથી. તે સ્થાને હું નવી છું. હું કેવી રીતે લોકોનો સંપર્ક કરીશ? હું કેવી રીતે શરૂ કરું? મને કોઈ અનુભવ નથી. હું જ્યારે ભોપાલ પાછી ફરી, ત્યારે મેં વિચાર્યું કે સ્વામીએ આ કાર્ય માટે મારી જ્યારે પસંદગી કરેલ છે, તો મારે કોઈ પણ રીતે શરૂઆત કરવી જોઈએ. તે હંમેશા સાથે/હાજર

જ છે. મેં જુદા જુદા મિત્રો દ્વારા એવા કોઈ ગૃપની તપાસ કરવાની શરૂઆત કરી કે જે સાઈબાબા વિશે જાણતું હોય. એક સ્ત્રી એ કહ્યું કે તેણીને એક એવું જૂથ કે જે મીલ કામદારોનું છે, જેમાં કારકુન, પટાવાળા અને ઓફિસ કર્મચારીઓ અને તેમના જેવા થોડાકનું બનેલું છે, જે દર ગુરૂવારે સાઈ ભજન કરે છે તે અંગે જાણે છે.

હું તે ફ્લોર મીલ તરફ ગઈ. તે જગ્યા વિશાળ હતી અને મને ખબર પડતી નહોતી કે ક્યા બારણે ટકોરા મારુ. ત્યાં કામદારોના રહેઠાણો માટેના ઘણા એપાર્ટમેન્ટ/ક્વાર્ટર હતા. મેં પ્રાર્થના કરી, "સ્વામી, તમે મને સાચા બારણે દોરી જશો જ." હું પહેલાં માળે ગઈ અને એક બારણું ખખડાવ્યું, એક સજ્જને બારણું ખોલ્યું. મેં તેમને પૂછ્યું કે શું તમે કોઈ સાઈ ભક્તોને ઓળખો છો?.

તેમણે કહ્યું કે તે પણ એક ભક્ત જ છે અને તેમણે મને અંદર આવવા કહ્યું. તે એપાર્ટમેન્ટમાં સાઈનું ચિત્ર હતું. તેમણે કહ્યું, "અમે તમારા માટે શું કરી શકીએ?, તમે અમારી પાસે શા માટે આવ્યા છો?" મેં તેમને પુટ્ટપર્તીથી મળેલ દિશાસૂચન અંગે વાત કરી. મેં તેમને પુછ્યું કે શું તેઓ મને મદદ કરી શકશે? તેમણે કહ્યું, "હા માં, તમે કેવા પ્રકારની મદદ ઈચ્છો છો?"

મેં એમની પાસે એક એવું ઓરડો જ્યાં અમે ભજન કરી શકીએ, બાળકો માટે કોઈ વર્ગ ચલાવી શકીએ અને સ્ત્રીઓને સ્વામીનો સંદેશ સંભળાવી શકીએ કે ભજન શીખવી શકીએ તેવી માગણી કરી. તેમણે કહ્યું, "હા, તેમાં કોઈ વાંધો નથી. અમારી પાસે એક પ્રાર્થના ખંડ છે તે અમે તમને આપીશું. મેં તેમને મારી સાથે જોડાવાનું અને બાળકોને લાવવાનું કહ્યું કારણ કે હું એક વર્ગ શરૂ કરવા ઈચ્છતી હતી. તેમણે ફરીથી કહ્યું કે કોઈ સમસ્યા નહીં રહે, અમે તમને મદદ કરીશું". મારી પુત્રી તે વખતે મારી સાથે રહેતી હતી. મેં તેણીને પણ મદદ માટે કહ્યું. મેં સ્ત્રીઓને સંગઠિત કરી અને બાલવિકાસના વર્ગો ચલાવ્યા. બાલવિકાસના અભ્યાસક્રમ અંગે હું પોતે અજ્ઞાત હતી આમ છતાં મેં મારી પોતાની રીતે તેની રચના કરી.

એક વખત એક મિત્ર મારફત મેં લેડીઝ ક્લબના સેક્રેટરીની મુલાકાત લીધી અને તેણીને કહ્યું કે મારે ક્લબમાં આવવું છે અને સ્ત્રીઓને સ્વામી વિશે વાત કરવી છે. એવું કરવાની તેની પાસેથી મંજૂરી લઈ, મારા મિત્ર અને સેક્રેટરી તેમજ ખાસ મિત્રોમાંની બીજી એક અને હું ક્લબ (મંડળ)માં ગયા. ત્યાં મેં એક ઓરડામાં સ્ત્રીઓને બિલિયર્ડ રમતા જોઈ. બીજા એક ઓરડામાં કેટલીક સ્ત્રીઓ ગંજીફાના પત્તાથી રમતી હતી, અને બીજા ઓરડામાં બીજી કોઈ ગેમ-રમત ચાલી રહી હતી. મને કહેવામાં આવ્યું કે સભ્યોને મારી મુલાકાત અંગે અને તેના હેતુ અંગેની જાણ કરી દેવામાં આવી હતી. પરંતુ તેમાંની ઘણી ખરી સ્ત્રીઓને રસ ન હતો. માત્ર ત્રણ કે ચાર જ સ્ત્રીઓ બેઠેલી પરંતુ મને તેની કોઈ ચિંતા નહોતી. મેં દિપક પ્રગટાવ્યો પરંતુ સ્વામીનો ફોટો બતાવ્યો નહીં; તેને બદલે મંચ પર મેં સર્વ ધર્મના પ્રતીક વાળું ચિત્ર કે જે હું લઈ ગયેલી તેને ગોઠવ્યું.

સ્ત્રીઓ શંકાશીલ હતી. તેઓએ માનેલું કે હું તેઓને સાઈ ભક્તોમાં બદલી નાખવા ત્યાં આવી હતી. ત્યારબાદ તેઓ થોડી સ્વસ્થ બની. તે પછી મેં તુલસીદાસજીના ભજન વડે શરૂઆત કરી. મારી આંખો બંધ કરી અને બે-ત્રણ આવા ભજનો ગાયા. મેં જ્યારે આંખો ખોલી ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે ૨૦ થી ૨૫ જેટલી સ્ત્રીઓથી તે જગ્યા ભરાઈ ગઈ હતી. તેઓએ કહ્યું તેમને આમાં ભાગ લેવો ગમશે.

પાછળથી મેં ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડની વિશાળ શિબિર/છાવણીની મુલાકાત લીધી. તે વાસ્તવમાં એક નાનકડી ટાઉનશિપ છે. હું

ચેરમેનને મળી અને મારા હેતુ અંગે તેમની સાથે વાત કરી અને શ્રી સત્ય સાઈ સેવા સમિતિ વિશે સમજાવ્યું. યોગ્ય સમજૂતીઓ પછી તે ખૂબ આનંદિત બન્યા અને મને એક વિશાળ ખંડ ફાળવી આપ્યો. ત્યાં સર્વ ધર્મનું પ્રતીક મૂક્યું. ફ્લોર મીલની મારી ઘણી બધી સખીઓ જે ભેલ (BHEL) ખાતે મારી સાથે જોડાયેલ, તેમણે પૂછ્યું પણ ખરું કે મેં સ્વામીના ફોટાને ત્યાં કેમ મૂક્યો ન હતો?.

મેં તેમને કહ્યું એવું કરવાથી જેમને રસ પડ્યો હોય એવા લોકો દૂર જતા રહે અથવા તો ચર્ચામાં પડી જાય, તદ્દુપરાંત તે હેતુ નહોતો જ. સ્વામીએ મને કહેલું કે મેં યોગ્ય વસ્તુ જ કરી હતી. સ્વામીએ પોતે તેમના ૬૦ માં જન્મદિનના વાર્તાલાપમાં ઉલ્લેખ કરેલો કે, "તમે જ્યારે કાંઈ પણ શરૂ કરો ત્યારે મારો ફોટો લઈ જતા નહીં, તે વસ્તુ સંસ્થાની વિરુદ્ધમાં જશે. હું માત્ર સત્ય સાઈ રૂપે રજૂ થતો નથી. હું તો શાશ્વત છું. તેથી માત્ર મારા પ્રતીકને મૂકો.

**<u>ઘણા વિઘ્નો પાર કર્યા.</u>**

મેં કમિટીની રચના કરી. જેમાં તેના સભ્ય તરીકે ફ્લોર મીલના ૯ થી ૧૦ કામદારોનો સમાવેશ કર્યો. તેમાં એક સજ્જન પુટ્ટપર્તીની મુલાકાત લેવાના હતા તેથી મેં તેમને સ્વામીને આપવા માટે એક પત્ર આપ્યો. તેને એવું કહીને, "મહેરબાની કરી પ્રથમ હરોળમાં બેસવા પ્રયત્ન કરજો અને સ્વામીની એવું કહીને આપજો કે તે રાણીમા તરફથી છે. હું ઈચ્છતી હતી કે તેમના દ્વારા સમિતિ માટે સ્વામીના આશીર્વાદ મળે.

સ્વામીએ પત્ર લીધો. કાંઈ વધારે લખેલ નહોતું, તે માત્ર કમિટી જેની રચના થઈ હતી તેના પ્રમુખ, સેક્રેટરી અને બીજા સભ્યોનાં નામો હતાં. આમ છતાં તે યાદીમાં મેં મારું નામ ઉમેર્યું ન હતું. સ્વામીએ પત્ર વાંચ્યો પરંતુ કમિટીને મંજૂરી આપી નહીં.

તે વ્યક્તિ પાછી આવી અને ભગવાને જે કહ્યું હતું તે મને જણાવ્યું. સ્વામીએ કહ્યું, "તે સમિતિ યોગ્ય સમિતિ નહોતી. તમારે તે બદલવી પડશે". એવું તેમણે કહ્યું. હું બેઠી અને મેં પ્રાર્થના કરી.

એક મિત્ર દ્વારા હું તે વખતના રાજ્યપાલના પત્ની શ્રીમતી રેડ્ડીને મળી. તે મિત્રે મારા માટે આ સન્માનનીય સ્ત્રી સાથેની મુલાકાત ગોઠવી આપેલી. તે વખતે શ્રીમતી રેડ્ડીએ મને પહેલા એ પૂછ્યું કે મારી મુલાકાતનું કારણ શું હતું. મેં તેણીને કહ્યું કે અમે ભોપાલમાં એક સમિતિ શરૂ કરવા ઇચ્છતા હતા. પ્રથમ તો તેમણે અમને મદદ કરવા માટેનું કોઈ વલણ બતાવ્યું નહીં. મેં મારી આંખો થોડી ક્ષણો માટે બંધ કરીને શું કરવું તે માટે પ્રાર્થના કરી. અંદરથી કોઈ એક અવાજ મને પ્રયત્ન છોડવાની ના કહેતો હતો. મારે પાછા પડવું ન જોઈએ, પ્રયત્નો છોડવાના નથી ! જોકે તેણીએ તીખાશથી મને જતા રહેવા માટે કહ્યું. પરંતુ હું ગઈ નહીં. મેં તેણીને તેમની ગેરમાન્યતા અંગેનું કારણ પુછ્યું. મેં તેમની જોડે બુદ્ધિગમ્ય રીતે અભિગમ કર્યો. "જુઓ શ્રીમતી રેડ્ડી, અમો વિષય જાણતા નથી. આધ્યાત્મિકતા પહેલા સમજવી જ જોઇએ તેવું ભગવદગીતા પણ કહે છે. તે જ્ઞાન છે. આપણું આધ્યાત્મિક જીવન એક જ્ઞાન છે. કોઈપણ વ્યક્તિ આંધળા બનીને ધર્મને વળગી રહી શકે નહીં. તમે નિરાશ થશો, ખિન્ન થશો અને દુઃખી થશો".

મેં જ્યારે આ બધું કહ્યું ત્યારે શ્રીમતી રેડ્ડીમાં એક સંપૂર્ણ પરિવર્તન થઈ ગયેલું. તેણીએ રાજ્ય ભવન (ગવર્નર હાઉસ)ની પૂરેપૂરી શક્તિને કામે લગાડી દીધી. મેં પણ તેમને સમિતિના પ્રમુખ બનવા માટેની વિનંતી કરી એવું ઉમેરીને કે હું કોઈપણ હોદ્દો ગ્રહણ કરવા ઇચ્છતી નથી. મારું ધ્યેય માત્ર સ્વામીની આજ્ઞાનું પાલન કરવાનું જ હતું. આમ છતાં ખૂબ જ દલીલ પછી જોઇન્ટ સેક્રેટરીના પદ માટે સ્વીકૃતિ આપી. હવે હું ઈચ્છતી



હતી કે એક વ્યક્તિ વાઇસ પ્રેસિડેન્ટ બને. હું એક દાતારસિંઘને ઓળખતી હતી. તે ખૂબ જ લોકપ્રિય વ્યક્તિ હતા અને ઇંગ્લેન્ડમાં તેમને બહાદુરીનો ઈલ્કાબ મળેલો. હું દાતારસિંઘને મળી. તેમણે એવું કહીને પદ માટે ઇનકાર કર્યો કે તે એક એક શીખ હતાં અને સંસ્થા એક હિન્દુ માળખારૂપે હતી. મેં કહ્યું તમે શીખ હોવાને કારણે તમારા માટે વાઇસ પ્રેસિડેન્ટ બનવું સૌથી વધારે યોગ્ય કારણ છે. તે સમજ્યા નહીં. મેં તેમને સંકલ્પના સમજાવી. અમારી પાસે કોઈ ભેદભાવ, સંપ્રદાય, જાતિ કે ખાસ ધર્મની અગત્યતા નથી. પરંતુ માત્ર એકજ ધર્મ-પ્રેમ છે. દુનિયાને જોડવા માટેનો. મેં તેમને કહ્યું, "અંકલ તમે ગુરુ નાનકજીને માનો છો, પ્રાર્થના કરો છો, અમે તમને બાબાને પ્રાર્થના કરવાનું કહેતા નથી. પરંતુ તમારું નામ આપો અને તેમના જીવનકાર્યને સ્વીકારો. તમારે તો માત્ર તેમના જીવનકાર્યને સ્વીકારવાનું છે. તમારે તેમને સ્વીકારવાના નથી !" તે સહમત થયા. તે રીતે સમિતિની રચના થઈ. જેમાં રાજ્યપાલના પત્ની શ્રીમતી રેડ્ડી-પ્રમુખ તરીકે, શ્રી દાતારસિંઘ-નાયબ પ્રમુખ તરીકે અને બીજા સમિતિના સભ્યો. તેમાંના મોટાભાગના વરિષ્ઠો અને સમાજમાં જે માન્યવર સ્થાન ભોગવતા હતા. થોડાક સમય પછી બીજું એક જૂથ સ્વામીને નવી ફરીથી તૈયાર કરેલ સમિતિના સભ્યોની યાદી બતાવવા પુટ્ટપર્તી ગયું. તેમણે કહ્યું, "ખુબ જ સરસ સમિતિ. રાનીમાંને કહો કે હું ખૂબ જ ખુશ/પ્રસન્ન છું. આ કમિટી સાચી/શુદ્ધ છે. પાછળથી તેમણે મને કહ્યું કે, "જુઓ આ સામાન્ય લોકો બીજાઓ માટે શું કરી શકે છે. તેઓ પોતે એટલા બધા સમૃદ્ધ નથી. સન્માનનીય વ્યક્તિઓ સંસ્થાઓ શરૂ કરી શકે છે. તેવો કૉલેજ શરૂ કરી શકે છે અને આગળ ઘણું બધું". સ્વામી પાસે એક કારણ હોય છે તે જે કાંઈ કરે છે તેના માટેનું. તેઓ ઇચ્છે છે કે યોગ્ય વ્યક્તિઓ, યોગ્ય વસ્તુઓ, યોગ્ય સમયે, યોગ્ય સ્થળે કરે. શું ગરીબ લોકો દવાખાનું કે કોલેજ શરૂ કરી શકે ખરા?.

અહીંયા આ ઘટનાનો મહત્વનો મુદ્દો એ છે કે કોઈપણ વ્યક્તિને તેમના કાર્યમાં અહંકાર ન હોવો જોઈએ. જો તમે બાબા ને અનુસરવા ઇચ્છતા હો તો ત્યાં અહમ્ ને કોઈ સ્થાન નથી તમારી જાતનો તેમની આગળ ત્યાગ કરી દો તે પછી જ તે તમારા જીવનમાં પ્રવેશે છે.

**<u>એક પવિત્ર શસ્ત્રક્રિયામા મારી પુત્રી સહાયક-મદદનીશ તરીકે.</u>**

મને તમારી સાથે એક અનન્ય ઘટનાની વાત કહેવી ગમશે. તે મારી પુત્રી શીલાને લગતી છે. તે વખતે તેણી આશરે નવ વર્ષની ઉંમરની હતી. તે દિવસોમાં ભજન સમયાવધી સંપૂર્ણપણે બાબાની ઈચ્છાને આધિન રહેતો. એક દિવસ હું જ્યારે ભજન ખંડમાં હતી ત્યારે શ્રી કસ્તુરી અંદર આવ્યા અને કહ્યું કે, સ્વામી મારી પુત્રીને મેડા પર મળવા ઇચ્છતા હતા અને તેમની ઇચ્છા હોવાને લીધે મેં તેણીને મેડા પર શ્રી કસ્તુરી જોડે મોકલી. શીલા જે ઓરડામાં દાખલ થઈ ત્યાં પહેલેથી જ એક છોકરી સંભવતઃ સખત રીતે ગળાની સમસ્યાથી પીડાતી હાજર હતી. સ્વામીએ શીલાને કહ્યું કે તે એક ઓપરેશન કરવાના છે અને તેમણે તેણીને તેમને તેમાં મદદ કરવા કહ્યું., "હું જ્યારે જ્યારે તારી પાસે કાતર કે રૂ અથવા બીજું કાંઈ માગું તો તે તું મને આપજે". બરાબર તેમની જરૂરિયાતને તે પૂર્ણ રીતે સમજી નહોતી. છતાં તે સહમત થઈ ગઈ. સ્વામીએ જરૂરી

એવા શસ્ત્રક્રિયાના સાધનો અને દવાઓ (ઔષધિઓ) ભૌતિક સ્વરૂપે સર્જ્યાં અને પીડાતી છોકરીના ગળા પર શસ્ત્રક્રિયા કરી.

આ સર્જરી પછી શીલા નીચે ભજન ખંડમાં આવી. શા માટે સ્વામી તેને બોલાવેલી? મેં તેને પૂછ્યું, "અમ્મા મને ખબર નથી" સ્વામીએ એક નાનકડી છોકરીનું ઓપરેશન કર્યું. હું તેમને કાતર, રૂ વગેરે જે કંઈ તેઓ માગતા તે આપતી હતી. શું તમે માની શકો છો હું એટલી બધી હતપ્રભ (નવાઈ) થઈ હતી. કહેવાની જરૂર નથી તે નાનકડી છોકરી સંપૂર્ણપણે સાજી થઈ ગયેલી.

**તેઓ (સ્વામી) એકલા જ માત્ર સાચી દવાની સૂચિ જાણે છે.**

તમારી સાથે બીજા એક બનાવની વાત કરવાની મને રજા આપો. શીલા આશરે ૧૦ વર્ષની ઉંમરની હશે જ્યારે અમે નાગપુરમાં હતા. અચાનક જ તેણીને ઉચ્ચ તાપમાન વાળો તાવ શરૂ થયો. અમે તે પ્રદેશના ઘણા લોકપ્રિય ડૉક્ટરનો સંપર્ક કર્યો. આમ છતાં તેમાંના કોઇ એક પણ કારણ જણાવવા માટે શક્તિમાન હતાં નહીં. તેઓએ વિચાર્યું કે તે (તાવ) ક્ષયરોગ (ટીબી)ના કારણે હોઈ શકે. ટેસ્ટ કરાવવામાં આવ્યા પરંતુ તે (રીપોર્ટસ) સંપૂર્ણ સારા બતાવતા હતા તો પછી સમસ્યા શું હતી?.

તે સમયે મારા પતિના એક મિત્ર દિલ્હીથી પાછા ફરેલા હતા. તે ડોક્ટર હતા અને તેઓ શીલાને તપાસવા સહમત થયા. તેમને કહ્યું કે કોઈ ગંભીર સમસ્યા નહોતી. કેટલાક બાળકોને પોતાના રાસાયણિક પરિવર્તનનો દર કદાચ ધીમો હોય અને તેથી આ ચિહ્નો જણાય છે. આમ છતાં તાવનું ઉચ્ચ તાપમાન ઘટવાની કોઈ નિશાની દેખાતી નહોતી. આ બધુ બે થી ત્રણ મહિના સુધી ચાલ્યું. મેં ડોક્ટર માંથી શ્રદ્ધા ગુમાવી. મેં મારા પતિની પુટ્ટપર્તી જવાની પરવાનગી માગી. તેમને કહ્યું ત્યાં તો કોઈ ડોક્ટર નથી આમ છતાં હું મક્કમ રહી હું પુત્રી સાથે જવા ઇચ્છતી હતી અને સ્વામીને મળવા માંગતી હતી.

હું ભગવાનને મળી. સ્વામીએ અમને ગરાજના એક ભાગમાં રહેવા માટે કહ્યું. કારણ કે તે સમયે રહેવાની સગવડ ફૂલ થઈ ગયેલી. તેથી મારી પુત્રી, મારી બહેન તે પણ ત્યાં હતી અને અમે ગરાજમાં નિવાસ કરવા લાગ્યા. સ્વામીએ અમને કહ્યું મને ખબર છે કે તમે શીલાને શા માટે અહીં લાવ્યા છો. તેણીને તાવ રહે છે ખરું કે નહીં? ચિંતા કરશો નહીં તેની સ્વસ્થ થઈ જશે પણ તમારી અહીં એક મહિના માટે રોકાવું પડશે.

સવારના નવ વાગ્યા પછી શીલાને ગરાજ બહાર નીકળવા માટે મને મનાઈ ફરમાવેલી. તેણીને સૂર્યમાં તાપમા રહેવું જોઈએ નહીં. તેમણે કહ્યું તમારે ખૂબ જ સાવચેત રહેવું પડશે. તમે જ્યારે કપડાં ધોવા બહાર જાવ ત્યારે તેણે પોતાની જાતને અંદર પુરી રાખવી પડશે. હું પણ તેની સંભાળ રાખીશ.

એક મહિના પછી સ્વામીએ અમને જવાની રજા આપી. એક મહિના દરમિયાન તેમણે તેણીનું તાપમાન માપ્યું નહીં કે કોઈપણ પ્રકારની સારવાર કરેલી નહીં. અમે પણ સારવાર કરેલી નહીં. અમે નાગપુર પહોંચ્યા પછી મારા પતિએ તેણીનો તાવ માપ્યો જે નોર્મલ હતો. સ્વામીના કાર્યો માટે લોકોને હું કોઈ ચોક્કસ કારણ સમજાવી શકતી નથી...(ક્રમશઃ)

**શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર ના સૌજન્યથી**

**લેખિકા આશરે ૬૦ વર્ષોથી એક ધર્મનિષ્ઠા અને સમર્પિત ભક્ત હતાં ૧૯૫૦ના અરસાથી ભગવાન બાબા પાસે આવતા ભગવાન બાબા સદા તેમને રાણીમાં તરીકે સંબોધતા તેમનું જીવન સ્વામીની દિવ્યતા વિશે ઝળહળતા અનુભવોના ખજાના સમાન હતું**

# શ્રી સત્ય સાઈ બાબાનું જન્મ સ્થળ

કળિયુગના અવતાર, ભગવાન શ્રી સત્ય સાઈ બાબાએ એમના જન્મ સ્થળ તરીકે પુટ્ટપર્થી નામનું નાનું ગામ પસંદ કર્યું હતું. જે ગામ અંતરિયાળ વિસ્તારમાં અને પહોંચાય નહિ એવું, આંધ્રપ્રદેશના એક ખૂણામાં આવેલું હતું. ટેકરીઓ અને જંગલોથી ઘેરાયેલું, એક તરફ મોટું તળાવ છે અને બીજી તરફ ચિત્રાવતી નદી છે. આ ગામ, જેમાં આશરે ૩૦૦ જેટલા ગ્રામજનો જ રહેતા હતા. ત્યાં પહોંચવું મુશ્કેલ જ નહોતું પરંતુ છૂપું પણ હતું તેથી સામાન્ય લોકો, પડોશના સ્થળો જેવા કે પેનુંકોન્ડા અને ધર્માવરમના લોકો પણ જાણતા નહોતા કે પુટ્ટપર્થી નામનું ગામ અસ્તિત્વ ધરાવતું હતું.

ગામના મોટાભાગના લોકો ખેડૂતો હતા. તેઓ ડાંગર, રાગી અને મગફળી ઉગાડતા હતા. પરંતુ તંગી, અનિયમિત વરસાદ અને સિંચાઈના સાધનોની અછતના કારણે ખેડૂતોની સખત મહેનત છતાં નજીવી ઉપજ મળતી હતી. ભગવાનના પિતાજીના પહેલાં, શ્રી પેદ્દા વેંકમ્મા રાજુએ એમના ઘરમાં એક દુકાન ખોલી હતી. દરરોજની સામાન્ય વપરાશની વસ્તુઓ જેવી કે મીઠું, દીવાસળીની પેટી વગેરે પણ ગામમાં મળતી નહોતી. નજીકના નગર બુક્કાપટ્ટનમમાં એક સાપ્તાહિક બજાર (હાટ) ભરાતું ત્યાં લોકો જતા હતા અને દરરોજની ઘર વપરાશની ચીજ-વસ્તુઓ ખરીદી લાવતા. જ્યારે પાથા મંદિર (જૂનું મંદિર) ૧૯૪૫માં બંધાયું હતું ત્યારે ભક્તોએ ભગવાનના મંદિરે દર્શને આવવાનું શરૂ કર્યું હતું. તે સમયે પુટ્ટપર્થી પહોંચવું એ આકરી કસોટી સમાન હતું. એમાં કોઈ આશ્ચર્ય નથી કે જ્યારે આરનોલ્ડ સ્યુલમેન, યુ.એસ.એ. ના પટકથા લેખક અને નાટ્યકાર અને **"બાબા"** બુકના લેખક, ૧૯૭૦માં પુટ્ટપર્થી આવ્યા. એમણે લખ્યું : ભારતના દક્ષિણ છેડે લગભગ **"પથ્થરયુગ ની દસ મિનિટ પછી"** એક પુટ્ટપર્થી નામનું ગામ આવેલ છે. એ જ પુટ્ટપર્થી ગામ હવે વિશ્વનું એક અગ્રણી તીર્થ કેન્દ્ર છે કારણ કે તેણે અવતારના જન્મસ્થળ તરીકેની ખ્યાતિ મેળવી છે.

આ ગામમાં માત્ર બે ગલીઓ હતી અને તે એકબીજાને કાટખૂણે બંને સાઈડે લંબાયેલી હતી. જેમાં આશરે ૧૦૦ જેટલાં ઘરો અને ઝૂંપડાંઓ હતાં. ૮૦ થી ૮૯ વર્ષના શ્રી કોંડામા રાજુ, ભગવાનના પ્રખ્યાત દાદા એક ખુણામાં રહેતા હતા કે જ્યાં બંને ગલીઓ એકબીજાને મળતી હતી. તે એક વિશાળ ઘર હતું. તેમાં શ્રી કોંડમા રાજુનું આખું કુટુંબ રહેતું હતું. જેમાં તેમના બે પુત્રોના કુટુંબો પણ રહેતાં હતાં અને તેમના ભાઈના બે પુત્રોના કુટુંબો પણ રહેતા હતાં. તેઓ બધા જ સાથે એક કે બે રૂમમાં રહેતા હતા. ભગવાનના પિતાજી શ્રી વેંકમા રાજુના ઘરમાં બે ઓરડાઓ હતા. જેમાંના એકનો ઉપયોગ અનાજનો સંગ્રહ કરવા માટે અને બીજાનો રહેવા માટે થતો હતો. એ એમનું ઘર હતું કે જેમાં પવિત્ર માતા ઈશ્વરમ્માએ દૈવી બાળકને ૨૩ નવેમ્બર ૧૯૨૬ના રોજ જન્મ આપ્યો. જેનું એમના માતા-પિતા દ્વારા નામકરણ સત્ય નારાયણ રાજુ તરીકે થયું. શ્રી પેદ્દા વેંકમા રાજુ ઘરના આગળના ભાગનો ઉપયોગ કરિયાણાની દુકાન માટે કરતા હતા. તેમાં તેઓ દરરોજની જરૂરિયાતની વસ્તુઓ જેવી કે દિવાસળીની, પેટીઓ નાળિયેરો અને બાળકો માટેની પેપરમિંટ્સ અને બીજી નાની વસ્તુઓ વેચીને જીવન નિર્વાહ ચલાવતા હતા. મોટાભાગના ઘરોની દિવાલ કાદવની બનેલી હતી સામાન્ય રીતે ઘરોની છતો ઘાસની અને તાડના ઝાડના છટિયાંથી બનેલી હતી. શ્રી કોડમ્માં રાજુના ઘરની છત જેમજ, થોડા ઘરોમાંજ કડપા સ્લેબની છત હતી. તેમ છતાં ગામના કરનમ (રેવન્યુ અધિકારી) નું ઘર, જે શ્રી

કોડમ્મા રાજુના ઘરથી બે ઘર દૂર હતું, તે ઈંટો અને ચુનાના મિશ્રણથી બનેલું હતું.

ભગવાનના અવતાર પહેલાં ઘણાં શુભ શુકનો બન્યા હતા. બાળક તરીકે, સત્ય (કારણ કે તેના બાળપણમાં તે રીતે જ તેને બોલાવાતો) આખા ગામનો અત્યંત પ્યારો હતો. એમનું દિવ્ય, મોહક અને મધુર સ્મિત આખા ગામના લોકોને આકર્ષતું હતું. ઘણાં લોકો એમના ઘરે કોઈને કોઈ બહાને આવતા અને તેમની સાથે સમય પસાર કરીને મહાન સુખ પ્રાપ્ત કરતા હતા. નિ:સંતાન સુબમ્મા, ગામના કરનમની પ્રથમ પત્નીને, સત્ય પ્રત્યે ખાસ આકર્ષણ હતું. સુબમ્મા હંમેશાં સત્યને તેમના ઘરે બોલાવતી અને પ્રેમપૂર્વક સ્વાદિષ્ટ ભોજન કરાવતી હતી. સત્યને સુબમ્મા દ્વારા આપવામાં આવેલું ભોજન ખૂબ જ ભાવતું હતું. કારણ કે તેણીના બ્રાહ્મણ કુટુંબમાં ફક્ત શાકાહારી ભોજન જ રંધાતું હતું. ઘણીવાર, તેણી સત્યને તેના ઘરના ટેરેસ ઉપર બોલાવીને પકોડા જેવું ખાસ ભોજન એની બારીમાંથી આપતી હતી, તે બારી સત્યના ઘરના ટેરેસથી ઉપરથી દેખાતી હતી. પછીથી, જ્યારે ભગવાન ફરીથી એમના અવતારને જાહેર કરીને ઉરવકોન્ડા ૨૦ ઓક્ટોબર ૧૯૪૦માં આવ્યા ત્યારે તેઓ સુબમ્માની ઘરે જ રહ્યા. ત્યાં તેણીને એમની સેવા કરવાની ભાગ્યે જ તક મળતી હતી કારણ કે ઘણા બધા લોકો ભગવાનનાં દર્શન અને આશીર્વાદ માટે આવતા હતા.

સમય જતાં ભગવાનના જન્મ સ્થળ ની હાલત બગડતી ગઈ. તે લાંબા સમય સુધી જર્જરિત રહ્યું તેથી ઘણા ભક્તોએ ભગવાનને આ સ્થળને પવિત્ર કરવા માટે કહ્યું. ભક્તોની પ્રાર્થનાને સ્વીકારીને, ભગવાને ત્યાં એક સાદું પણ ભવ્ય શિવ મંદિર બનાવ્યું. ૨૩મી નવેમ્બર ૧૯૭૯ના રોજ એમના ૫૪મા શુભ જન્મ દિવસે ભગવાન પુટ્ટપર્થી ગામે ગયા અને ત્યાં સુંદર શિલ્પવાળી આરસની પ્રતિમાની ભગવાન શિવની મૂર્તિની મંદિરમાં સ્થાપના કરી. આ શિવ મંદિર અજોડ છે, એ અર્થમાં કે અહીં શિવલિંગને બદલે, દેવ તરીકે ભગવાન શિવની મૂર્તિ છે.

પ્રેમ-કોઈ પણ બાબત જીતી શકે છે. સ્વાર્થરહિત, પવિત્ર અને શુદ્ધ પ્રેમ માનવીને ઈશ્વર તરફ દોરી જાય છે. સ્વાર્થી અને સંકુચિત પ્રેમ વિશ્વને બંધનમાં રાખે છે. શુદ્ધ અને પવિત્ર પ્રેમ વિશે જાણીને, તે ગ્રહણ ન કરતો હોવાથી, માનવી આજે ઘણી બધી ચિંતાઓનો શિકાર-દુન્યવી બાબતો માટે આસક્ત બની જવાથી-થયો છે. માનવીની પ્રાથમિક ફરજ પ્રેમતત્વના સત્ય (સાચાપણા) વિશે જાણી લેવાની છે. એક વખત પ્રેમને સમજી લેવાતા, તે ગેરમાર્ગે નહીં દોરાય. આજે, પ્રેમ શબ્દ જે જુદા જુદા સંદર્ભમાં ઉપયોગમાં લેવાય છે તેને પ્રેમના સાચા અર્થ વિશે કોઈ સંબંધ નથી. માતા અને બાળક વચ્ચે અથવા પતિ અને પત્નિ વચ્ચેનો સ્નેહ/પ્રીતિભાવ એ થોડાક સમય માટે કામચલાઉ અને આનુષંગિક સંબંધ છે અને એ સાચો પ્રેમ જરાયે નથી. સાચા પ્રેમને નથી શરૂઆત હોતી કે નથી અંત. એ તો સમયના ત્રણેય પરિમાણો-ભૂત, વર્તમાન અને ભવિષ્ય-માં હોય જ છે. આ જ એક સાચો પ્રેમ છે જે માનવીને સ્થિર અને ટકાઉ આનંદથી ભરી દે છે. દરેકના વિચારો, દરેકના શબ્દો અને દરેકની દૃષ્ટિ, પ્રેમસભર હોવા જઈએ. આજ દિવ્ય પ્રેમ છે. આવા પ્રેમથી સંતૃપ્તને ક્યારેય દુ:ખ ભોગવવા નહીં પડે. આજે, માનવીની ટીકા થાય કે વખાણ થાય, તે તરત જ તેનાથી અસર પામે છે. પરંતુ જે દિવ્ય પ્રેમસભર છે તે વખાણ કે નિંદા હોય-પાર કરી જાય છે.

**- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા.**

# ભગવાન શ્રી સત્યસાઈ બાબા સાથેના અનુભવો

જ્યોત્સના રેડ્ડી

સ્વામીને ઘણા ભજનો ગમતા. જેમકે "સત્ય સાઈ, સત્યપાલના". તેમને મારા "આદિ નારાયણ, સાઈ નારાયણ", "કમલ નયન પ્રભુ કમલા પતે" પણ ગમતા. "કેશવા માધવા" અને "ગોવિંદ મુરારી, ગોપાલ મુરારી" આમાંની કેટલીક મારા પિતાજીની રચનાઓ હતી. "સત્ય પાલના" સ્વામીની રચના હતી. "આદિ નારાયણા, સાઈ નારાયણા" ધુન મારા પિતાજીની હતી અને શબ્દો મારા હતા. "કમલ નયન પ્રભુ કમલા પતે" માં અવાજ મારા પિતાજીનો હતો. અને શબ્દો મારા હતા. સ્વામીએ સાઈ ભજન દ્વારા ઘણા લોકોને ઘડ્યા છે.

## સ્વામીએ મને ભજન ગાયિકા બનાવી.

પૂર્ણચંદ્ર હૉલના મંચ ઉપરથી સ્વામી મને ઘણીવાર હોઠ હલાવીને સૂચના આપતા હતા. સ્વામી હોઠના હલન-ચલનથી મને સૂચના આપતા એટલે મારે ખૂબ જ સાવધ રહેવું પડતું હતું. સ્વામી આ ભજનોને માણતા અને આનંદમાં ખોવાઈ જતાં. પછી તેઓ આંખો ખોલીને આસપાસ જોતાં અને જાણે કહેતા હોય કે તેમણે મને આપેલો અવાજ કેવો કામ કરી રહ્યો છે. તેઓ સમૂહની પ્રતિક્રિયા જોવા માગતા હતા. તેઓ સમૂહની પ્રશંસા કરતા. આ જાણે કે મુકમ કરોતિ વાચાલમ (તેઓ મૂંગી વ્યક્તિને બોલતા કરે છે) કારણકે હું કદી પણ ગાવાનું જાણતી નહોતી. આ તેમનો જ અવાજ હતો. તે તેમના સંકલ્પ સાથે આવ્યો અને સંકલ્પ સાથે ગયો. જ્યારે પણ સ્વામી ઇચ્છતા કે હું ગાઉં ત્યારે હું ગાઈ શકી. તેઓ ઇચ્છતા કે આ રીતે હું તેમની સેવા કરૂ. તેમણે મને આ રીતે તૈયાર કરી અને આ રીતે તેમની સેવા કરવાની તક આપી. એ સમય હતો જ્યારે ભજનની ચળવળ હકીકતમાં શરૂ થઈ રહી હતી. તેમણે મારા અને મારા પિતાજીના જીવનનું ઘડતર કર્યું. જેથી અમે આગળ વધી શકીએ.

મારા સ્નાતક થયા પછી હું ૧૯૬૭માં યુ.એસ.એ. માં ફિલાડેલ્ફિયા માં ઓડિયો વિઝ્યુવલ કૉમ્યુનિકેશન્સ્ માં આગળ અભ્યાસ કરવા માગતી હતી. અમે દરેક વસ્તુ માટે તૈયાર હતાં. જ્યારે અમે પુટ્ટપર્તી આવ્યા ત્યારે સ્વામીએ પૂછ્યું, "તમે બી.એ.પાસ કર્યું છે?" મેં કહ્યું, "હા, સ્વામી, સ્વામીની કૃપાથી ડીસ્ટીંક્શન સાથે" તેમણે ફરી પૂછ્યું, "અભી ક્યા કરના હૈ?" મારા પિતાજીએ કહ્યું, "અમે તેને દૃશ્ય શ્રાવ્ય ટેકનોલોજીના અભ્યાસ માટે ફિલાડેલ્ફિયા મોકલવા માગીએ છીએ" તરત જ સ્વામીએ કહ્યું, "ના, ના, ના, બી.એ. પછી ફક્ત બાબા બાબા. જો કુછ કરના હૈ ઇન્ડિયા મેં કરો. હમણાં વિદેશ ના જશો. તેથી પછી મેં એ અભ્યાસ મુંબઈમાં કર્યો. ત્યાર પછી તેઓ મને પુટ્ટપર્તી લઈ જવા માંગતા હતા. અને મારા જીવનમાં ઘણા જ આશ્ચર્યજનક ચમત્કારો કર્યા હતાં.

## મારા લગ્ન એ સ્વામીનો સંકલ્પ હતો.

૧૯૭૩ના ઓગસ્ટ માસમાં અમારા જીવનમાં એક ખુબ જ ચમત્કારિક ઘટના બની. આનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. વહેલી સવારમાં, મને એક સ્વપ્ન આવ્યું જેમાં સ્વામી મારી પાસે આવ્યા અને કહ્યું, "તુમ્હારા ક્યા હોગા? હંમેશની જેમ હું ચૂપ રહી. પછી તેમણે કહ્યું, "સ્વામી તારા લગ્ન, આ વ્યક્તિ સાથે કરાવશે". પછી તેમણે મને રાજા રેડ્ડી કે જેઓ હાર્મોનિયમ વગાડતા હતા તેમને બતાવ્યા. તેમણે કહ્યું, "તે તમારા પતિ હશે" અને પછી તેમણે કહ્યું, " હું તારા લગ્ન વ્હાઈટફીલ્ડમાં, મણીકંચન મુહૂર્તમાં (મણિકંચન યોગમાં) કરાવીશ. આ શબ્દો યાદ રાખજો. બીજા દિવસે સવારે ઉઠી ત્યારે મને નવાઈ લાગી. મેં મારી માતાને બધી વાત કરી, તે પણ આ સાંભળીને આશ્ચર્ય ચકિત થઈ ગઈ. મારી માતાએ કહ્યું, "આ વાત તારી પાસે જ રાખજે. કોઈને પણ કહીશ નહીં."

અને પછી ડિસેમ્બર માસની શરૂઆતમાં જ સ્વામીએ મારા પિતાજી ઉપર સંદેશ મોકલ્યો. "દીક્ષિત, તારા પરિવાર સાથે ૧૦મી ડિસેમ્બરે વ્હાઈટીફીલ્ડ આવી જજો". તે ખૂબ ટૂંકો સમય હતો છતાં અમે વ્યવસ્થા કરી. અમે અમારી કાર લઈને ૧૦મી ડિસેમ્બરે ત્યાં વ્હાઈટફીલ્ડ પહોંચ્યા. પ્રથમ દિવસે ફક્ત સ્વામીએ અમારી તરફ જોયું જ, કોઈ વાતચીત કરી નહીં. બીજા દિવસે ૧૧મી ડિસેમ્બરે સ્વામી અમને વૃંદાવન લઈ ગયા અને પછી તેમણે કહ્યું, "કલ લગ્ન કરાતા હું". આ પહેલા સ્વામી મને ઇન્ટરવ્યુ રૂમમાં લઈ ગયા જ્યાં મારા પતિ શ્રી રાજારેડ્ડી અને મારા સાસુ પણ હતા. અને પછી તેમણે કહ્યું, "અમ્માનીઅમ્મા (રાજારેડ્ડીના માતા) આમે ની કોડાલુ (આ તમારી વહુ છે) તે કેવી છે?" તેમણે કહ્યું "સ્વામી, મને તે ગમે છે. પરંતુ આ છોકરી સાથે મારે વાત કેવી રીતે કરવી? તેને તેલુગુ તો આવડતી નથી. હું શું કરું?" સ્વામી મારી પાસે આવ્યા મારા માથા ઉપર હાથ મૂક્યો અને કહ્યું, "ઈપ્પુડુ તેલુગુ વોસ્તુન્ડી?, ઈપ્પુડુ રશિયન કુડા વોસ્તુન્ડી." અને પછી તેમણે ભાષાંતર કરીને મને કહ્યું, "મેં તેને કહ્યું છે કે તે હવે માત્ર તેલુગુ નહીં પણ રશિયન પણ બોલશે" જ્યારે અમે બહાર આવ્યા, ત્યારે સ્વામીએ મારા પિતાજીને કહ્યું, "આ મારો ખૂબ જુનો સંકલ્પ હતો કે તેણે રાજા રેડ્ડી સાથે લગ્ન કરી લેવા જોઈએ. શું તે બરાબર છે?". મારા પિતાજીએ કહ્યું, "સ્વામી, તમે જે કહો તેમ. આ સ્વામીની ઈચ્છા છે, સ્વામીનો સંકલ્પ". ૧૨ મી ડીસેમ્બર સ્વામીએ અમને ત્રણ મોટા હાર લેવાનું કહ્યું. તેમણે મારા પતિને તેમને (સ્વામીને) એક હાર પહેરાવવા કહ્યું. પછી તેમણે મને એક હાર તેમને (સ્વામીને) પહેરાવવા કહ્યું. પછી તેમણે અમને બન્નેને સાથે એક મોટો હાર તેમને (સ્વામીને)પહેરાવવા કહ્યું.

પછી સ્વામીએ તેમના હાથમાંથી વિભૂતિ, કુમકુમ, ફૂલો અને પવિત્ર ચોખા સાકાર કર્યા અને તેમણે પોતે ૧૫ થી ૨૦ મિનિટ સુધી મંત્રોના જાપ કર્યા. તેઓ ખૂબ ખૂશ થયા અને મારા પિતાજીને કહ્યું, "આ તેના અહીં વ્હાઈટફીલ્ડમાં વાસ્તવિક લગ્ન છે. હું તેના લગ્ન પુટ્ટપર્તીમાં ભવ્ય રીતે કરીશ. આ મહિનાની ૧૯ મી તારીખે સંબંધિઓ અને જાહેર પ્રજા માટે હશે. આના વચ્ચે બહુજ થોડા દિવસો હતાં. સ્વામીએ મને ઘણી બધી સાડીઓ, ઘણાં બધા ઘરેણાઓ આપીને આશીર્વાદ આપ્યા અને તેમણે કહ્યું, "સ્વામીને દિયા હૈ".

ભોજન પછી, સ્વામીએ મારા પિતાને કહ્યું, ''રાહુ કાળમાં જશો નહીં'' તે સમયે અમને રાહુકાળની ખબર નહોતી અને મારા માતા-પિતા મુંબઈ જવા રાહુકાળમાં નિકળ્યા. બેલગામ (હવે બેલગાવી) નજીક અમારી કાર ઉભી રહી ગઈ, તે દિવસોમાં કર્ણાટક અને મહારાષ્ટ્ર વચ્ચે કેટલાક આંદોલનો ચાલતા હતાં. તો બેલગાવી પાસે બોર્ડર ઉપર કેટલાક રસ્તા બંધ કરી દેવામાં આવ્યા હતાં. ટોળુ અમને આગળ જવા દેતું ન હતું અને અમારી કાર ઉપર પથ્થર ફેંકતા હતાં. આ ખૂબ જ ગંભીર બાબત હતી. તેઓએ મારા પિતાને કારમાંથી બહાર ખેંચી કાઢ્યા અને ચાવી લઈ લીધી. અચાનક એક જાડો વિદ્યાર્થી ટોળામાંથી બહાર આવ્યો અને તેણે કહ્યું, "તે મારા પિતા સમાન છે, તે મારી માતા સમાન છે અને તે મારી બહેન સમાન છે. તેઓ બધાં શ્રી સત્ય સાઈ બાબાના આશ્રમથી આવી રહ્યાં છે. તે નવી સગાઈ કરેલી સ્ત્રી છે. તેઓ બધા મારા પરિવારના સભ્યો જેવા છે. તેમને તેમની ચાવી પાછી આપી દો. " આમ કહીને તે મારા પિતાને ચાવી પાછી અપાવી શક્યો અને અમને જવા માટે રસ્તો કરી આપ્યો. અમે કાર બેલગાવીમાં જ રાખી દીધી અને ટ્રેનમાં આવ્યા કારણ કે ૧૭ મીએ સ્વામીએ અમને ફરી પુટ્ટપર્તી બોલાવ્યા હતાં. જ્યારે અમે પુટ્ટપર્તી ફરી પાછા આવ્યા ત્યારે સ્વામીએ મારા પિતાજીને તેમના રૂમમાં ઉપરના માળે બોલાવ્યા અને કહ્યું, "દીક્ષિત, શા માટે રાહુકાળમાં નીકળ્યા હતાં? મેં તમને ના પાડી

હતી." મારા પિતાએ કહ્યું, "સ્વામી, મને કદી ખબર ન હોતી કે તે રાહુકાળ હતો. તેથી કૃપા કરીને મને માફ કરી દો". સ્વામીએ કહ્યું, "હું પેલા જાડા છોકરાના રૂપે આવ્યો હતો એટલે તમે બધા બચી ગયાં. નહિ તો તમારાં બધાનું શું થાત? હવે આવી ભૂલો ફરી ના કરશો." મારા પિતાજીએ આ ભૂલ માટે વારંવાર માફી માંગી.

સૌજન્ય- શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર

લેખક- શ્રીમતિ જ્યોત્સના રેડ્ડી. સ્વર્ગસ્થ શ્રી બી. વી. રાજારેડ્ડીના પત્ની છે. જેઓ ભગવાન સાથે રહ્યા અને ઘણાં વર્ષો સુધી તેમની સેવા કરી. તેઓ પ્રતિભાશાળી ભજન ગાયક હતાં.

## રાજ્ય પ્રમુખશ્રી જણાવે છે કે....

**સૌ સાઇ ભક્તોને જય સાઈરામ**

કોરોના મહામારીની અસરો ઓછી થતાં, સમગ્ર દેશ માં શાળા-કોલેજથી લઇને દરેક ક્ષેત્રમાંથીપ્રતિબંધો હટાવી લેવાતા જન-જીવન પૂર્વવત્ થઇ રહ્યું છે. ત્યારે આપણે પણ આપણી દરેક પ્રવૃત્તિઓ (ત્રણેય પાંખોની) ફરી એક વખત પહેલાની જેમ નહીં, પણ પહેલા કરતાયે વધુ જોશથી ધમધમતી કરીએ, એવી અપીલ, હું સૌ સાઇભક્તો, કાર્યકરો, ભાઇઓ-બહેનોને કરૂં છું.

**જૂન પ્રશાંતિ સેવા ૨૦૨૨ :-**

* આપણા સંગઠનની જૂન પ્રશાંતિ સેવા ચાલુ વર્ષે બે બેચીસમાં થશે.
* તા. ૧૫ થી ૨૨ જૂન અને ૨૨ થી ૩૦ જૂન
* સેવામાં જનાર દરેકે વેક્સીનેશનના બંન્ને ડોઝ લીધેલા હોવા જરૂરી છે.
* જ્યેષ્ઠ નાગરિકોએ વધારાનો બુસ્ટર ડોઝ લીધેલો હોવો જરૂરી છે.
* સેવામાં જનાર દરેકે 'સાઇ કનેકટ એપ' માં રજીસ્ટ્રેશન કરવું જરૂરી છે.

**સાઈ કનેકટ એપ :-**

સાંપ્રત સમય સાથે તાલ મિલાવતા રહીને ચાલવાના સંગઠનના પ્રયત્નોના પરિપાક રૂપે 'સાઇ કનેકટ એપ' કાર્યરત છે, જેમાં દરેક સાઇ ભક્ત / ભાઇ-બહેનોનું પરિવાર સહ (સેવામાં જનાર હોય કે ન હોય) રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આમાં રજીસ્ટ્રેશન કરાવવાથી પ્રશાંતિ નિલયમમાં પ્રવેશ / એકોમોડેશન વખતે કે સંગઠનના કોઇપણ ફંકશનમાં, આપણી એક વિશિષ્ટ ઓળખાણ (આઈડેન્ટીટી) બની રહે છે. અને સંગઠનને પણ સરળતા અને અનુકુળતા મળી રહે છે. આપણા સંગઠનની આ એક યુનિક આઈડેન્ટીટી છે.

તો આજે, ભગવાનબાબાના ચરણ કમળોમાં પ્રાર્થના સાથે, આપણે સૌ, વિતેલા બે વર્ષોની ઉણપ પૂર્ણ કરીને નવા ઉત્સાહ, ઉમંગ અને ખંતથી, ભગવાન બાબાના મિશન (અવતાર કાર્ય) માં અગ્રેસર થઇએ અને એમની પાસેજ શક્તિ અને સામર્થ્ય માગીએ અને આપણું જીવન સાર્થક કરીએ.

**હેમંત પટેલના જય સાઈરામ**

## ભગવાનનો શિવરાત્રી સંદેશ

# દિવ્ય નામની શક્તિ

''જુદા જુદા ભક્તોની ભગવાનની પૂજા કરવાની રીતો જુદી જુદી હોય છે. પૂજા કરવાની રીત કે પદ્ધતિ ગમે તે હોય, પરંતુ તે એક મુખી ભક્તિ હોવી જોઇએ. ભગવાન પ્રત્યે પ્રેમ કેળવો, ભગવાન પ્રત્યેનો પ્રેમ એ પણ ભક્તિ છે. દુનિયા પ્રત્યેનો પ્રેમ એ આસક્તિ છે. આ શિવરાત્રીની આખી રાત ભગવાનના નામના જપમાં સમર્પિત કરી દો. ભજનો દ્વારા જીવનને અત્યંત પવિત્ર બનાવી શકાય છે.''

ભગવાને ૨જી માર્ચ ૧૯૯૨ના રોજ તેમના શિવરાત્રી પ્રવચનમાં કહ્યું હતું.

**શિવરાત્રી પર ભગવાનના નામનું ચિંતન કરો.**

દુનિયાના તમામ પદાર્થોને બીજા કશાથીયે નહીં પરંતુ, તેના નામ અને સ્વરૂપ દ્વારા ઓળખી શકાય છે. બધા જ પદાર્થોને તેમના નામથી ઓળખવામાં આવે છે. સ્વરૂપ તેના નામ ઉપરથી આવ્યું છે તેથી જ દુનિયાની દરેક વસ્તુ માટે નામ એ પ્રાથમિક અને મૂળભૂત છે.

**દિવ્ય નામનું મહત્વ.**

પરમાત્માનું નામ અત્યંત શક્તિશાળી છે ઈચ્છાઓ પૂરી કરનારી ગાય કામધેનું જ્યારે તેને પણ દોરડાથી તેની જગ્યાએ બાંધી દેવામાં આવે છે ત્યારે તે નિયંત્રણમાં આવે છે એવી જ રીતે સર્વના હૃદયમાં નિવાસ કરનાર પરમ ભગવાન ભક્તિના દોરડાથી બંધાયેલા હોય છે અને જીભ રૂપી જગ્યા સાથે જોડાયેલા હોય છે ત્યારે તેઓ ભક્ત સાથે બંધાઈ જાય છે. ફક્ત બે જ એવા માધ્યમ છે કે જેના દ્વારા ભગવાનને બાંધી શકાય છે અથવા તેનો આનંદ લઈ શકાય છે, નામ દ્વારા અને પ્રેમ દ્વારા. નામ-રામ, હરી અથવા હરા તેમજ અન્ય કોઈપણ હોઈ શકે છે કારણ કે સર્વવ્યાપી પરમાત્મા બધા જ નામો ધરાવે છે.

રામ એ નામ માત્ર રાજા દશરથના પુત્ર પૂરતું મર્યાદિત નથી. આત્મા જે આનંદ આપે છે તે રામ તરીકે જ ઓળખાય છે. ઋષિ વશિષ્ઠે રાજા દશરથના પુત્રને રામ નામ આપ્યું. રામનામ એ પરમાત્માના સાર્વત્રિક લક્ષણો જેવા કે સર્વજ્ઞતા સર્વ શક્તિમાન અને સર્વવ્યાપકતાનું પ્રતિક છે.

ઋષિ વાલ્મિકીએ રામાયણની રચના ૧૦૦ કરોડ શ્લોકોમાં કરી હતી. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે ત્રણેય લોકના લોકોમાં આ શ્લોકો સમાન રીતે વહેંચવામાં આવે. જ્યારે શ્લોકોને આ રીતે વિભાજિત કરીને વહેંચવામાં આવ્યા પછી ૩૨ અક્ષરનો એક શ્લોક બાકી રહ્યો અને પછી ૩૦ અક્ષરોને સમાનરૂપે વહેંચ્યા પછી માત્ર બે અક્ષરો વહેંચાયા વગરના રહ્યા, આ બાકી રહેલા બે અક્ષરો-રામ, હરિ, હરા અને સાઈ જેવા પરમાત્માના નામ બની ગયા. આ નામોના પાઠ કોઈ પણ દેશ અથવા ધર્મના લોકો કરી શકે છે તેઓ ફક્ત એક જ દેશ કે ધર્મ સુધી સીમિત નથી. શુદ્ધ અને પ્રેમાળ હૃદય ધરાવતી કોઈપણ વ્યક્તિ આમાંથી કોઈ પણ નામનો પાઠ કરી શકે છે કોઈ દોષ તેમને લાગશે નહીં.

પરમાત્માના નામની શક્તિ એવી છે કે ઝેરને પણ અમૃત બનાવી શકે છે. આ વાત મીરાના જીવનની એક ઘટના દ્વારા બતાવવામાં આવી છે. તે એક રાણી હતી પરંતુ કૃષ્ણ ભક્તિમાં તે એટલી બધી લીન હતી કે તે મહેલમાં હોય કે ભીડભાડવાળી જગ્યાએ હોય, તેની ચિંતા કર્યા વગર તે ગાતી અને નૃત્ય કરતી. તેને પોતાની જાતનું ભાન પણ રહેતું નહીં.

તેણીના જેઠ, જે, મીરા દ્વારા જાહેર સ્થળોએ કરાતા આવા વર્તનથી ગુસ્સે થયા હતા. તે જાણતા નહોતા કે સાચી ભક્તિનો અર્થ શું છે. મીરાનું આવું વર્તન શાહી પરિવારની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહ્યું છે એવું તેમને લાગતા, તેમણે મીરાને ઝેરનો પ્યાલો આપીને તેને મારી નાખવાનું નક્કી કર્યું. કૃષ્ણને પોતાનું હૃદય અને આત્મા સમર્પિત કર્યા

પછી મીરા કોઇપણ ખોરાક કૃષ્ણને અર્પણ કર્યા પછી જ લેતા હતા. જ્યારે મીરાએ ઝેરને પીતા પહેલા કૃષ્ણને અર્પણ કર્યું ત્યારે ભગવાને બધું ઝેર સ્વીકારી લીધું અને તેને શુદ્ધ કરી દીધું. આ રીતે મીરાએ દુનિયાને, ભગવાનના નામની શક્તિ અને ભગવાનની ભક્તિની મહાનતા બતાવી દીધી.

દુનિયામાં બહુ ઓછા લોકોએ એ જાણવાનો પ્રયત્ન કર્યો છે કે નામ કેવી રીતે ઉભરી આવ્યું તેનો ઉચ્ચાર કઈ રીતે કરવો અને તેની શક્તિ શું છે. ભગવાનના નામના મહિમાનો અધિકાર અને હિમાયતી-એ ભાગવત છે.

યશોદાએ એ નહોતું વિચાર્યું કે બલરામ અને કૃષ્ણનો જન્મ ક્યાં થયો હતો. તેમણે તેઓને તેમના પોતાના બાળકોની જેમ જ ઉછેર્યા હતા. તેમનો જન્મ મથુરામાં થયો હતો પરંતુ તેઓ મોટા ગોકુળમાં થયા હતા તેઓ દેવકી (વાસુદેવની પત્ની) ના ગર્ભમાં ઉછર્યા પરંતુ યશોદાના ઘરે રહ્યા અને રમ્યા. જ્યારે આપણે આ ઘટનાનો આંતરિક અર્થ સમજવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે આપણને તેમના દ્વારા પ્રગટ થયેલી દિવ્ય વાર્તાનો ખ્યાલ આવે છે. બલરામ અને કૃષ્ણ બંને મથુરામાં હતા. મથુરા નાભિ (કેન્દ્ર બિંન્દુ) દર્શાવે છે. દેવકી એ દિવ્ય શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. નાદમ્ (દિવ્ય ધ્વનિ) એ દિવ્ય શક્તિના ગર્ભમાંથી નીકળતા બલરામ અને કૃષ્ણનું પ્રતિનિધિત્વ કરે છે. ગોકુળ તરફ જવું એ મુખનું પ્રતિનિધિત્વ છે અને જીભ ઉપર રમવું એ યશોદાનું પ્રતિનિધિત્વ છે. રામ એટલે આનંદ આપનાર અને કૃષ્ણનો અર્થ છે "જે આકર્ષક છે તે".

આ રીતે દિવ્ય નામનું મૂળ નાભીમાં છે અને જ્યારે તેનો ઉચ્ચાર જીભ દ્વારા કરવામાં આવે ત્યારે તેની પવિત્રતાની રક્ષા કરવી જોઈએ. આમ નામસ્મરણ-ભગવાનના નામનું સ્મરણ એ પોતાના અંતરના અસ્તિત્વમાંથી થતો નામનો જાપ અને તેની પવિત્રતાને સાચવવી એ અર્થ થાય છે.

**આખું બ્રહ્માંડ નામના આધારે ટકેલું છે.**

રામ નામમાં ત્રણ દેવતાઓ-અગ્નિ, સૂર્ય અને ચંદ્ર હાજર છે. આ ત્રણ દેવતાઓ ક્યાંથી આવ્યા? સૂર્ય લાખો માઈલ દૂરથી પણ પૃથ્વીને ભસ્મીભૂત કરવાની શક્તિ ધરાવે છે. સૂર્યના માતા-પિતા કોણ છે? શું તેઓ સૂર્ય કરતાં પણ વધારે શક્તિશાળી ન હોવા જોઈએ? તો તે છે અગ્નિ. અગ્નિ કોઈ પણ વસ્તુનો નાશ કરી શકે છે. અગ્નિના માતા-પિતા કોણ? ચંદ્ર શીતળતા અને પ્રકાશનો સ્રોત છે. ચંદ્રના માતા-પિતા કોણ? જો આ ત્રણેય શક્તિશાળી અસ્તિત્વના માતા-પિતા વિશે તપાસ કરવામાં આવે તો ખબર પડશે કે તે ભગવાન જ માતા-પિતા છે.

આ બધું ભગવાન તરફથી જ આવ્યું છે. સામાન્ય લોકો બધી બાબતોના મૂળ કારણની મૂળભૂત તપાસ કરતા હોતા નથી. આધાર વિના કશું જ અસ્તિત્વમાં નથી. વૈજ્ઞાનિકો પણ હવે આ આધાર શોધવાના પ્રયત્નમાં વ્યસ્ત છે. હકીકતમાં નામ એ આધાર છે અને સમગ્ર બ્રહ્માંડ તેના પર ટકેલ છે. નામ કે કોઈપણ વસ્તુ અથવા કોઈપણ વ્યક્તિને ઓળખવા માટેનું સૌથી સરળ માધ્યમ છે. તેથી ભગવાનને ઓળખવાનો અને તેના સ્વરૂપની કલ્પના કરવાનો શ્રેષ્ઠ માર્ગ નામ જ છે. નામ હંમેશા કલ્યાણકારી હોય છે.

દરેક મનુષ્ય ત્રણ પ્રકારની રાત્રીનો અનુભવ કરે છે. એક છે ચાંદની રાત. બીજી છે કાળી રાત. અને ત્રીજી રાત છે અડધી અંધારી અને અડધી ચંદ્ર દ્વારા પ્રકાશિત રાત. પરંતુ આ ત્રણ સિવાય એક એવી રાત છે જે વધુ પવિત્ર અને અનોખી છે, એ છે શિવરાત્રી. શિવના પવિત્ર નામના જપ માટેની આ સમર્પિત રાત્રી છે. આનો અર્થ એ છે કે આખી રાત, શિવના પવિત્ર નામના જાપ/રટણ માટે સમર્પિત કરવી જોઈએ.

**ભગવાન એક અને માત્ર એક જ છે.**

કમનસીબે કળિયુગમાં આજે લોકો શિવરાત્રીનું જાગરણ રાત્રે ત્રણ સિનેમાના શો જોઈને કે પત્તા રમીને અથવા કેટલાંક નાટકો જોઈને કરે છે આને શિવરાત્રીનું જાગરણ ન કહેવાય. શિવરાત્રીની રાત્રે સાચું જાગરણ કેવું હોઈ શકે? રાતની દરેક ક્ષણ

ભગવાનના વિચારોમાં તથા ભગવાનના નામનો જાપ કરવામાં સમર્પિત કરવી જોઈએ આ જ શિવરાત્રી છે. શિવનો અર્થ કલ્યાણકારી છે, ઈશ્વર નહીં. ભગવાનના અસંખ્ય નામો છે. હરિ અને હરમાં જરા પણ ભેદ નથી. બે નામો વચ્ચેનો તફાવત વૈષ્ણવો અને શિવ પંથીઓ દ્વારા કરવામાં આવે છે. પરંતુ ભગવાન પાસે આવા કોઈ સાંપ્રદાયિક ભેદ નથી. ભગવાન એક અને માત્ર એક જ છે. ઘણા નામો અને સ્વરૂપ હોઈ શકે છે પરંતુ દિવ્યતત્વ તો એક જ છે.

ઘણા ઉપાસકો તિરુપતિ જાય છે. વૈષ્ણવો વેંકટરમણા..., વેંકટરમણા...-નામનું રટણ કરે છે. તેઓ આ નામનું રટણ કરવાથી સંતોષ માને છે. રમણ વૈષ્ણવોની તરફેણમાં છે. તેઓ તેમના કપાળ ઉપર ત્રણ ઉભી રેખાઓનું નિશાન કરે છે. શિવપંથીઓ તિરુમાલા મંદિરમાં જાય છે અને વેંકટેશ્વરા... વેંકટેશ્વરા... નામનું રટણ કરે છે. તેઓ ઈશ્વર શબ્દનું રટણ કરવાથી સંતોષ માને છે. શિવપંથીઓ તેમના કપાળ ઉપર વિભૂતિની ત્રણ આડી રેખાઓ કરે છે. આ-બે સંપ્રદાયો વચ્ચેનો તફાવત છે પરંતુ મંદિરમાં ભગવાન તો એક જ છે. પછી ભલે તે વેંકટરમણા કહેવાય કે વેંકટેશ્વર કહેવાય.

શરીરમાં જે ચેતના છે તેને અંતરાત્મા કહેવાય છે. અંતરાત્મા અને વૈશ્વિક ચેતના વચ્ચેના તફાવતની નોંધ લેવી જોઈએ. અંતરાત્મા એ ચેતનાનું પ્રતિબિંબ છે. જ્યારે અંતરાત્મા આખરે શરીરને છોડી દે છે ત્યારે તે વૈશ્વિક ચેતનામાં ભળી જાય છે. અને તેની સાથે એક બની જાય છે આ પ્રક્રિયાને, ફુગ્ગાની હવા, ઉપર જઈને ફૂટી ગયા પછી વાતાવરણની હવામાં ભળી જવા સાથે સરખાવી શકાય. આ-એક સાથે અનેકના વિલીનીકરણની પ્રક્રિયા છે. વ્યક્તિગત 'સ્વ' એ ભૂતાત્મા છે. સર્વવ્યાપી એ સ્વયં પરમાત્મા છે. શરીરની અંદર બંધાયેલ વ્યક્તિગત 'સ્વ', એ ફુગ્ગાની અંદર બંધાયેલ હવા જેવો છે. જ્યારે વ્યક્તિગત 'સ્વ' શરીરનું બંધન છોડીને સાર્વત્રિક પ્રેમને વિકસાવે છે, ત્યારે તે શરીરની મર્યાદાઓને પાર કરે છે અને તે વિશાળ અનંત પ્રેમમાં ભળી જાય છે. આ વિલીનીકરણને મુક્તિ અથવા મોક્ષ તરીકે વર્ણવવામાં આવે છે. આ પરિપૂર્ણતાનું સાચું નામ છે સાયુજ્યમ્ (વૈશ્વિક સાથે એકતા) અને આને નદીનું સમુદ્રમાં વિલીનીકરણ થવાની પ્રક્રિયા સાથે સરખાવી શકાય. જ્યાંથી તેની ઉત્પત્તિ થઈ હતી.

## બ્રહ્મજ્ઞાન દરેકની અંદર સ્થિત જ છે.

એકવાર ચેતનાનું આ વિલીનીકરણ શરૂ થઈ જાય પછી તેમાં કોઈ વિપરીતતા નથી. વ્યક્તિગત 'સ્વ' એ સાર્વત્રિક બની જાય છે. જેમ પાણીના ટીપાને સમુદ્રમાં નાખવામાં આવે છે ત્યારે તે તેની સાથે એક બની જાય છે. જ્યાં સુધી વ્યક્તિગત 'સ્વ' શરીર સાથે જોડાયેલ છે અને વૈશ્વિક 'સ્વ' થી તેની સ્વતંત્રતા/અલગતા જાળવી રાખે છે ત્યાં સુધી તે જન્મ અને મૃત્યુના ફેરામાંથી છટકી શકતો નથી. પરંતુ એકવાર તે એની અલગતા છોડી દે છે અને સર્વસ્વ (વૈશ્વિક) સાથે એક બની જાય છે પછી તેને જન્મ અને મૃત્યુના ચક્રમાં પાછા ફરવું પડતું નથી. પુનર્જન્મ ન વિદ્યતે.

આ બ્રહ્મજ્ઞાન (પરમાત્મા અંગેની જાગૃતિ) કોઈ પણ બાહ્ય સ્ત્રોતમાંથી મેળવી શકાતી નથી. તે દરેકની અંદર અસ્તિત્વ ધરાવે છે. એકવાર અલગતાનો ભ્રમ કે જેમાં વ્યક્તિ ઘેરાયેલો છે તે જ્યારે જાય છે ત્યારે તેજસ્વિતા પોતાનામાં જાગ્રત થાય છે. અન્ય તમામ જ્ઞાનનો સંબંધ બાહ્ય જગત સાથે છે. આ બ્રહ્મજ્ઞાન માત્ર "આંતરિક અસ્તિત્વનું પ્રતિબિંબ છે. પ્રકૃતિ (કુદરત) નું સંશોધન કરીને વ્યક્તિ આંતરિક વાસ્તવિકતાનું જ્ઞાન મેળવી શકે તેવી કલ્પના કરવી સંપૂર્ણપણે ખોટી છે. "અસાધારણ વિશ્વની સમજણથી પરમાત્માનો સાક્ષાત્કાર થવાનો નથી. તમે પરમાત્મામાંથી આવ્યા છો. આ સત્ય સમજવું પડશે. તમામ જ્ઞાનનો સ્ત્રોત તમારી અંદર જ છે. જ્ઞાની એ નથી કે જેની પાસે ભૌતિક બ્રહ્માંડનું પુસ્તકિયું જ્ઞાન હોય.

સાચો જ્ઞાની એ છે જે અંદર રહેલા આત્માને જાણે છે અને તે પ્રમાણે જીવે છે. ઘણા લોકો જેઓ ભગવાનના મહિમા વિશે વિસ્તૃત રીતે પ્રવચનો આપે છે તેઓ ઈશ્વરીય જીવન જીવતા હોતા નથી. તેમના શાસ્ત્રીય જ્ઞાનનો શું ઉપયોગ? જ્યારે તેઓ પોતે જે ઉપદેશ આપે છે તેનું પાલન કરતા નથી ત્યારે તેઓને બીજાઓને ઉપદેશ આપવાનો શું અધિકાર છે? આ ઇસુનો સંદેશ હતો જ્યારે તેમણે એક સ્ત્રી ઉપર, તેના પાપી વર્તન માટે એક ટોળાને પથ્થરમારો કરતું જોયું હતું. તેમણે ટોળાંએ કહ્યું "જો તમારામાં કોઈ એવી વ્યક્તિ હોય જેણે માનસિક રીતે પણ પાપ ન કર્યું, તો તે તેના (સ્ત્રી) પર પથ્થર ફેંકે".

**શિવરાત્રી ઉજવવાની યોગ્ય રીત.**

શિવરાત્રી જેવા તહેવારોનો હેતુ લોકોમાં કલ્યાણકારી અને ઐશ્વર્ય ગુણો કેળવવાનો છે. શિવરાત્રીના દિવસે દિવ્ય પ્રવચન સાંભળવું અને હૉલ છોડ્યા પછી તેના સંદેશને ભૂલી જવું એ શિવરાત્રીનું પાલન કરવાનો માર્ગ નથી. તેને શવરાત્રી (મૃત્યુની રાત) પણ કહી શકાય.

"શિવ" (શુભ) અને 'શવ' (શબ) વચ્ચેનો તફાવત શ્વાસ લેવાની અને શ્વાસ બંધ કરવાની પ્રક્રિયાથી સમજી શકાય છે. શ્વાસ લેવાની અને બહાર કાઢવાની પ્રક્રિયા ભગવાન સાથેની એકતાનો સંદેશ આપે છે જ્યારે (તે હું છું) આ એકતાની ચેતના જ શુભ કલ્યાણકારી છે. જ્યારે આ ચેતના ગેરહાજર હોય છે ત્યારે અશુભ (મૃત્યુ) અંદર આવે છે.

શરીરની ચેતનાની સંપૂર્ણ ગેરહાજરી હોવી જોઈએ. રામના નામનો જાપ કરતી વખતે શરીરને સંપૂર્ણપણે ભૂલી જવાથી જ રત્નાકર ડાકુ વિશ્વને રામાયણની ભેટ આપનાર સર્વોચ્ચ કવિ વાલ્મીકિ બન્યા. તે-નામના જાપમાં એટલો બધો મગ્ન હતો કે તેની ઉપર રાફડો થઈ ગયો તો પણ તેને ખબર ના પડી.

શિવરાત્રી-એ ભગવાનના ચિંતન માટેનો સમર્પિત દિવસ. શિવરાત્રી વર્ષમાં માત્ર એક જ વાર આવતી નથી. દરેક રાત્રી શિવરાત્રી હોઈ શકે છે જો તમે આખી રાત ભગવાનનું ચિંતન ન કરી શકો તો પણ, જો સૂતા પહેલાં અને સવારે ઉઠો ત્યારે ભગવાનનું ચિંતન કરો તો તે પૂરતું છે.

ફરી એક વખત જોઈએ તો, તમે ગમે તે રીતે ભગવાન વિશે વિચારો. પરિણામો સારા જ આવશે. આ સમજાવવા માટે એક વાર્તા છે. એકવાર એક પિતા તેમના પુત્રને મંદિરમાં લઈ ગયા અને તેને ગર્ભગૃહમાં આખી રાત જાગતા રહીને ધ્યાન રાખવાની સલાહ આપી. થોડા સમય પછી પૂજારી અને પિતા બંને ઊંઘી ગયા. પરંતુ જુવાન છોકરો જે ધ્યાન રાખતો હતો. તેણે જોયું કે એક ઉંદર વારંવાર ફળો અને અન્ય ખાદ્ય પદાર્થો કે જે દેવતાને અર્પણ કરેલા હતા તેને તે કોતરીને ખાઈ રહ્યો હતો. તે ઉદાસ થઈ ગયો. તેને થયું કે ભગવાનને જે ફળો અર્પણ કર્યા છે તેનાથી ઉંદર દૂર રહેવો જોઈએ. તે આખી રાત ભગવાન વિશે વિચારીને ધ્યાન રાખતો રહ્યો. તેનું જીવન પવિત્ર બની ગયું પરંતુ મંદિરના પૂજારી કે અન્ય કોઈને પણ ઈશ્વરીય કૃપાનો લાભ મળ્યો નહીં. મહત્વની વાત એ છે કે ભક્તિ કોઈને કોઈ સ્વરૂપે વ્યક્ત થવી જોઈએ.

જુદા જુદા ભક્તોની ભગવાનની ભક્તિ કરવાની રીતો જુદી જુદી હોય. પરંતુ પૂજાની/ભક્તિની પદ્ધતિ ગમે તે હોય, એક મુખી હોવી જોઈએ. ભગવાન પ્રત્યે પ્રેમ કેળવો. ભગવાન પ્રત્યેનો પ્રેમ એ ભક્તિ છે. દુનિયા પ્રત્યેનો પ્રેમ એ આસક્તિ છે. આ આખી શિવરાત્રીની રાત ભગવાનના નામના જપ કરવામાં સમર્પિત કરો. ભજનો દ્વારા જીવનને અત્યંત પવિત્ર બનાવી શકાય છે.

**૨જી માર્ચ ૧૯૯૨ ના રોજ પૂર્ણચંદ્ર ઓડિટોરિયમમાં આપેલા ભગવાનના પ્રવચનમાંથી.**

# સાઈ ભજનો થકી પ્રેમનો પાઠ

**એસ. રવિકુમાર**

"પ્રેમ ઈશ્વર હૈ-ઈશ્વર પ્રેમ હૈ-હર ધડકન મેં સાઈ સમા હૈ-" આ ભજન સ્વામીને બહુજ ગમતું અને સ્વામી ઘણી વખત ભજન બોઈઝને આ ભજન ગાવાનું કહેતા; જે, સ્વામીના શબ્દો, "ઈશ્વર પ્રેમ છે-પ્રેમ જ ઈશ્વર છે". તેનું મહત્વ દર્શાવે છે. સાઈ-હૃદયની દરેક ધડકનમાં હાજર જ છે. આ જ બાબત હનુમાનજીએ દુનિયાને બતાવી હતી કે એમના હૃદયના ધબકારા ભગવાન રામ માટે જ ધબકે છે અને એમના શરીરના દરેક કોષ, શ્રીરામના નામનો જ પડઘો પાડે છે.

## પ્રેમ એ તો સાઈભક્તોનું આભૂષણ છે.


સ્વામીએ એમના એક દિવ્ય સંબોધનમાં વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, "કમળ એ તળાવનું આભૂષણ છે, મકાનો એ ગામનું આભૂષણ છે, આકાશનું આભૂષણ (ઘરેણું) એ ચંદ્ર છે, દરિયાની લહેરો એ દરિયાનું આભૂષણ છે અને સાઈભક્તો માટે 'પ્રેમ' એજ આભૂષણ છે". મને એવું લાગે છે કે આપણે જો આપણી જાતને એમના ભક્ત માનતા હોઈએ તો આપણે જે બાબતો અપનાવવાની છે તે આજ છે, આનાથી વધુ કશું પણ સ્વામીએ કહ્યું નહીં હોય. એમણે કહ્યું છે કે સાઈ ભક્ત માટે પ્રેમ એજ આભૂષણ છે-ઘરેણું છે. અને આપણે જાણીએ છીએ કે કેવા પ્રકારના પ્રેમને વિકસાવવા માટે સ્વામી આપણને કહે છે. એ છે-વૈશ્વિક પ્રેમ ! શુદ્ધ હૃદય હોવા માટે પ્રેમ એ પૂર્વપેક્ષિત છે. હું શુદ્ધ હૃદય અંગે શા માટે કહું છું. સ્વામીએ ભજન બોઈઝને જે બધુ કહ્યું છે તેમાંથી અનેક ઉદાહરણો અમે આપી શકીએ છીએ કારણ અમને કેટલોક સમય ભજન ગૃપમાં જોડાવાનું સદ્દભાગ્ય એમની કૃપાથી સાંપડ્યું હતું.

એક વખત એક પ્રખ્યાત સંગીતકાર સ્વામીના દર્શન માટે આવ્યા. વાર્તાલાપ દરમ્યાન સ્વામીએ તેમને પૂછ્યું, "પ્રોફેશ્નલ સંગીતકાર થવા માટે તમે કેટલા કલાકોનો રિયાઝ કરો છો?" તેમણે સ્વામીને કહ્યું, "સ્વામી, છ કલાક, ક્યારેક આઠ કલાક, ક્યારેક તો એનાથી પણ વધુ". સ્વામી બોલ્યા, "ઓહો ! આ તો ઘણો સમય કહેવાય. મારા વિદ્યાર્થીઓ કેવા ભજન ગાય છે? મારું ભજન સેશન કેવું લાગ્યું?". એમણે કહ્યું, "સ્વામી, એ તો બહુ જ સરસ છે". પછી સ્વામીએ ઉમેર્યું, "પણ આ બોઈઝ આટલું સરસ કેવી રીતે ગાય છે? તમે જેમ કરો છો તેમ એમની પાસે છ કે આઠ કલાક પ્રેકટીસ કરવાનો સમય જ નથી. તમો જાણો છો કે તેઓને સુપ્રભાતમ્ માટે વહેલા ઉઠવું પડે છે. એમને રમતો રમવા (મેદાનમાં) જવું પડે છે. એમને યોગાસનો કરવાના હોય છે, પછી કૉલેજ જવાનું હોય છે એ પણ સમયસર, એમને અહીં દર્શન માટે આવવાનું હોય છે. ભજન બાદ, પાછા જઈને અભ્યાસ માટે કલાકો આપવા પડે છે. આ બધાની વચ્ચે એમને પ્રેકટીસ કરવાનો ખૂબજ ઓછો સમય મળે છે. તેમ છતાયે તેઓ આટલું બધુ સરસ કેવી રીતે ગાઈ શકે છે?" સંગીતકારે જવાબ આપ્યો, "સ્વામી, તેઓ તો કૃપાન્વિત થયેલા છે. તેઓ તમારાજ બાળકો છે, તો સ્વાભાવિક છે કે તેઓ સારૂ જ ગાય !" સ્વામીની સમજાવવાની એક વિશિષ્ઠ રીત હોય છે. સ્વામીએ કહ્યું,"વો ઠીક હૈ ! તેઓ સારૂ ગાઈ શકે છે એના બે કારણો છે. તેઓ સારૂ ગાય છે કારણ તેઓ ચોખ્ખા હૃદયના છે અને તેઓ માત્ર મારે માટે ગાય છે !" ભજન કેમ સારા કર્ણમધુર ગવાય છે તેને માટે સ્વામીએ આ બે મુદ્દા સ્પષ્ટ કર્યા હતા. આપણે જાણીએ છીએ કે તે તો માત્ર સ્વામીના જ બ્લેસીંગ્સ (આશીર્વાદ) છે. ઘણી વખત, સ્વામી બોઈઝ માટે આવી વાતો રજૂ કરે છે, ત્યારે એઓ પાકુ કરી લે છે કે આ (બોધ) પાઠ એમના સુધી પહોંચે. આમ, સ્વામી આપણી પાસેથી શી અપેક્ષા રાખે છે તે આપણે સમજી લેવું જોઈએ.

## હૃદયની અંદરથી પ્રેમ વ્યક્ત કરો.

નાટકમાં ભાગ લીધેલ એક બૉયને સ્વામીએ બોલાવીને કહ્યું, "તને રામદાસ કહે છે ને?" બીજા કોઈકને બોલાવીને એમણે કહ્યું, "તું ફકીર છુ ને !" આમ, જ્યારે સ્વામી આપણને શુદ્ધ હૃદયથી અને માત્ર એમને માટે જ ભજન ગાવાનું કહે છે ત્યારે એ આપણને માટે એક-બહુ મોટી શીખ છે. એ માત્ર ભજન પુરતું જ નથી પરંતુ એ આપણા જીવનને પણ લાગુ પડે છે. સ્વામી આપણને જે જે લેસન્સ (બોધપાઠ/શીખ) શિખવાડે તે આપણા જીવનનો ભાગ બની જવા જોઈએ. હૃદયથી શુદ્ધ થઈ શકવા માટે, સ્વામીએ એવી ઘણી બધી બાબતો કહેલી છે.

આ ક્ષણે, અમે જે ભજન વારંવાર ગાતા, તે યાદ આવે છે. અને એ ભજન સાથે સંકળાયેલ સુખદ સ્મરણોની યાદ પણ તાજી થઈ જાય છે, કે જે ભજને હૉસ્ટેલના ૪૦૦ યુવા વિદ્યાર્થીઓનું હૃદય પરિવર્તન કરાવ્યું હતું અને સાઈ માં સાથે એકરાગિતા કેળવાઈ હતી. એક એવો સમય હતો કે સ્વામી-સાઈ માં વિદ્યાર્થીઓ સાથે બોલતા જ નહોતા. એમની માં જ્યારે તેમની સાથે કંઈ પણ ન બોલેને તો તે વિદ્યાર્થીઓને મોટામાં મોટી સજા કરવામાં આવી હોય, એવું લાગતું અને આ દશ દિવસ સુધી આવું જ ચાલ્યું અને દરેક જણ હૃદયના ઊંડાણથી પ્રાર્થના કરતા હતા. આ તો જાણે કે દરેકનો બોરવેલ, મહત્તમ કાર્યક્ષમતાથી કામ કરતો હતો અને સ્વામી પ્રત્યે પ્રેમ (રૂપી જળ) છલકાઈને બહાર નિકળી રહ્યો હતો. એક સાંજે, જ્યારે ૪૦૦ યુવા સ્ટુડન્ટસ્, મંદિરમાં બેઠા હતા અને સ્વામી હજુયે એમને અવગણતા જ હતા' અને તેઓ તો ગયા અને ભજન હૉલમાં જઈને ખુરશી પર બેસી ગયા; અને જે ભજન ગવાઈ રહ્યું હતું-'સ્વામી પ્રેમ દે, શાંતિ દે' એ અમે બધાએ સાંભળ્યું. જ્યારે આપણે આપણા હૃદયના ઊંડાણમાંથી પ્રાર્થના કરતા હોઈએ અને 'એમને' કહીએ, "સ્વામી અમને એ પ્રેમ



આપો- એ પ્રેમ આપો કે જે તમે અમારા થકી વિકસાવવા માગો છો". સ્વામી આપણા બોરવેલને એટલા બધા ઊંડાણ સુધી ખણે છે કે આપણું પ્રેમ (રૂપી જળ) ઉભરાઈને બહાર આવે છે. અને એ સાંજે મંદિરમાં બરાબર એવું જ થયું જ્યારે એ ભાઈએ ગાવાનું શરૂ કર્યું, 'સાઈ પ્રેમદે'. બધા સ્ટુડન્ટસ્ ના હૃદય પૂરેપૂરી રીતે ભીંજાઈ ગયા અને દરેકની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. પછી તો સાઈ માં થી કંઈ રહેવાય? સાઈ માં થી યે રહેવાયું નહીં. સાઈ માં ખુરશી પરથી ઉભા થયા અને બહાર આવીને, સ્ટુડન્ટસ્ ને કહ્યું, આવો આવો મારા તરફ આવો" અને અમે બધ્ધા દોડ્યા અને સ્વામીને ઘેરી વળ્યા. અને સ્વામીએ કહ્યું, "બધુ બરાબર છે, તમે મારા જ તો બાળકો છો". આ એક એવી અદ્ભુત ઘટના હતી કે જે મારા હૃદયમાંથી ક્યારેય ભુંસાશે નહીં. અને આ ભજને, સ્વામી પ્રત્યેના પ્રેમને ઉજાગર કર્યો.

**ભગવાનને ખુશ કરવા ગાઓ-નહીં કે, તમારા વ્હાલાઓને (પ્રશંસકોને).**

સ્વામી જ્યારે દિવ્ય પ્રેમની વાતો કહે છે, તેમાં કેટલાક ઉદાહરણો છે જે દ્વારા સ્વામી આપણને શિખવાડે છે. જ્યારે અમે ચૈતન્ય મહાપ્રભુ ઉપર નાટક તૈયાર કરતા હતા, ત્યારે સ્વામી આવતા અને અભિનય કેવી રીતે કરવો તેમજ કેવી રીતે ગીતો ગાવા, તે શિખવતા. સંવાદને ભાવ સહિત કેવી રીતે રજૂ કરવો, તે પણ તેઓ અમને શીખવતા. નાટકના નિર્દેશક મૂળભૂત રીતે એક્ઝેટ્લી આજ કરે છે. સ્વામી હજુ એક ડગલુ આગળ વધતા. સ્વામી અમારી વચ્ચે બેસતા અને ચૈતન્ય મહાપ્રભુને મન, હરી શું હતા તે બાબત કહેતા. અમે દિવ્ય પ્રેમને આત્મસાત કરીએ એવું સ્વામી ઈચ્છતા. એક વખત અમે રંગમંચ (સ્ટેજ) ઉપર ગયા પછી અમે ફક્ત ચૈતન્ય મહાપ્રભુ ન્હોતા બની જતા પરંતુ ચૈતન્ય મહાપ્રભુને ભગવાન કૃષ્ણ પ્રત્યે જે નિઃસીમ પ્રેમ હતો તે કંઈક અંશે તો અમારે આત્મસાત કરીને અભિનિત કરવાનો હતો. અમારામાંથી કેટલાક જરીક ગભરાતા હતા. અમે સ્વામી સામે ક્યારેય નાચ્યા નહોતા, અમે સ્વામીની સામે ક્યારેય ગાયક ભક્ત બનીને અભિનય કર્યો નહોતો. પરંતુ સ્વામીએ સરસ સરસ વાર્તાઓ કલાકો સુધી કહ્યે રાખી ને અમને જે પાત્ર ભજવવાનું છે તે માટે અનુકૂળતા કરી આપી અને ચૈતન્ય મહાપ્રભુ સાચે જ કોણ હતા અને હરિ વિશે તેઓ શું માનતા હતા, એને વિશે કહીને અમારો આ બધો ડર દૂર કરી દીધો. સ્વામીએ કહ્યું, "ચૈતન્ય ગલીઓની અંદર જતા અને હાથમાં કરતાલ અને એમનું ઢોલક લઈને ગાતા રહેતા. તેઓ એ વગાડતા અને સાથે હરિનામ ગાતા પણ ખરા અને પેલા ઈર્ષાળુ ગ્રામજનો-તેઓ વચ્ચે જઈને ઢોલક ખુંચવી ચૈત્નયને ખીજવવા માટે અચકાતા નહીં. પરંતુ ચૈતન્ય થોભતા નહીં. તેઓ ફરી (નવા) કરતાલ લાવતા અને હરિનું નામ ગુણગાન કરતા અને પેલા લોકો એ પણ ઝુંટવી લેતા. ચૈતન્ય કહેતા,-તેઓ ભલે બધુ લઈ જાય પરંતુ તેઓ મારો અવાજ તો નહીં લઈ જઈ શકે; જો તેઓ મારો અવાજ પણ લઈ જાય તો પણ મારો હરિ પ્રત્યેનો પ્રેમભાવ નહીં છીનવી શકે. તો, સ્વામી આ જ ઈચ્છે છે કે આ અવાજને બીજી બધી વસ્તુઓ છે તે તો માત્ર સ્વામી સાથે બાહ્ય રીતે જોડાવાના સાધનો છે. સ્વામી જે ઈચ્છે છે તે છે હૃદયનું પરિવર્તન. તેઓ ઈચ્છે છે શુદ્ધ-પવિત્ર હૃદય કે જ્યાં પ્રેમ સીધે સીધો પહોંચી શકે.

સ્વામી જે બીજા મુદ્દા પરત્વે બોલ્યા તે એ કે, "મારા બૉઈઝ હૃદયથી પવિત્ર છે" આપણને સ્વામી પ્રત્યે શુદ્ધ પવિત્ર પ્રેમ હોવો જોઈએ અને નમ્રતા પણ આપણી પાસે હોવી જોઈએ. ભજન ગ્રૂપમાં સ્વામી અમને સુધારતા. સ્વામીએ અમને ચેતવ્યા હતા. અમે જે રીતે વર્તીએ છીએ તેમાં શું ખોટુ છે, તે તેઓએ અમને કહ્યું હતું. જો આપણે થોડું ભૌતિકસ્તરે આને જોઈએ, તો, દિવસમાં ભજન દરમ્યાન માંડ અમે અરધો કલાક તેમની સામે બેસતા અને હા- જો કે સંગીતના કાર્યક્રમો દરમ્યાન કે ઈન્ટરવ્યુંમાં તેમની સાથે વાતો થયા કરતી. પરંતુ મોટા ભાગનો સમય તો અમે હૉસ્ટેલમાં જ રહેતા ને ! ક્યારેક તો ભજન હૉલમાં પણ સ્વામી અમને / અમારામાંથી કોઈકને ઉભા કરતા અને કહેતા, "નીક્કુ કોવ્વુ રા ! આનો અર્થ એ થતો કે અમારે જ અમારા ગાર્ડ થવાનું છે. અમારે સાવચેત રહેવાનું છે કે અમે અમારી હોંશિયારી (કુશળતા)નું પ્રદર્શન ન કરીએ. આ કુશળતા-કલા એ તો ભગવાને આપી છે અને જીવનના કોઈ પણ તબક્કે જો આપણે એવું વિચારીએ કે આ તો હું જ છું- હું જ કર્તા છું અને આપણે એ ભૂલી જઈએ કે વાસ્તવમાં તો સ્વામીજ કર્તા-હર્તા છે ત્યારે આ 'નીક્કુ કોવ્વુ રા' અમારા બધા માટે લાગુ પડતું કે જ્યારે અમે એવા

પ્રકારનું વિચારવા લાગતા. સ્વામી એક વખત વિદ્યાર્થીઓને સંબોધતા હતા ત્યારે તેમણે આ કહ્યું. તેઓ બોલ્યા, "ભજન થકી અનુભૂતિ કરવાની છે. પોતે જે ગાય છે તેની અસર બીજા ઉપર કેવી રીતે થાય છે તે એક આંખથી જોવું અને બીજી આંખ ભગવાન ઉપર કેન્દ્રિત કરવી-એ રીતે ન ગાવ. ભજન નમ્રતાનો ભાવ રાખીને અને ઈશ્વરને અર્પણ કરતા હોઈએ એવી ભાવના સાથે ભજન ગવાવા જોઈએ' ન તો તમારી સંગીતની કળા-કુશળતા-હોંશિયારીને પ્રદર્શિત કરતા કે જાણે પછી સ્પર્ધા દરમ્યાન જે રીતે કળા-કુશળતાનો દેખાડો કરવાનું કામ હોય છે, તે રીતે ન ગાવ. ભજન ગાવા અંગે સ્વામીએ જે છેલ્લું વાક્ય કહ્યું હતું તે ખૂબજ અદ્દભૂત હતું. એમણે કહ્યું, ''તમારા ગાનથી તમારે ભગવાનને પ્રસન્ન કરવાના છે નહીં કે તમારા વ્હાલા (પ્રશંસકો) ઓને".

**<u>સાચો પ્રેમ ભગવાન અને ભક્ત વચ્ચે ભેદ નથી જોતો.</u>**

જ્યારે આપણે કાંઈક સારૂ કરીએ છીએ, ત્યારે આપણને શાબાશી મળે એવું આપણે ઈચ્છતા હોઈએ છીએ. આવું કહેવાય છે કે ભગવાને આપણને એવા બનવ્યા છે કે ન તો આપણે આપણી પીઠ થાબડી શકીએ, ન તો આપણે આપણી જાતને લાત મારી શકીએ. આનો અર્થ એ કે આપણે આપણી જાતના ન તો વખાણ કરવા જોઈએ ન તો આપણે આપણી જાતની નિંદા કરવી જોઈએ. એની પાછળનું સાચુ કારણ એ છે કે આપણે સ્વામીને ખુશ કરવા કાંઈક અર્પણ કરતા હોઈએ છીએ. મને લાગે છે આ મુદ્દા ઉપર આપણે ક્યારેય બેધ્યાન નહીં થવું જોઈએ. ૧૯૮૦ માં સ્વામીએ બહું જ સરસ રીતે કહેલું, "સામાન્ય રીતે અભિમાન એટલે (બીજા કરતા) શ્રેષ્ઠ હોવાની લાગણી હોવી. ના, જો તમે એમ માનો કે તમે બીજાની સરખામણીમાં કનિષ્ઠ/ઉતરતા (લોઅર) છો, તો તે પણ એક પ્રકારનું અહં જ છે". એક સરસ દાખલો આપતા તેઓ કહેવા લાગ્યા, "જ્યારે ભગવાન કૃષ્ણનું માથુ દુઃખતું હતું ત્યારે કશાથી પણ એમને સારૂ થઈ જાત પરંતુ એમણે તેમના સેવકોને કહ્યું, "મને મારા ભક્તના પગના તળીયાની રજની જરૂર છે. એ જો હું મારા માથા ઉપર ચઢાવું (ઘસું/લગાવું) તો મારો માથાનો દુઃખાવો મટી જશે". સેવકો ગુંચવાઈ ગયા અને કહેવા લાગ્યા, આવું કેવી રીતે કરી શકાય !. કૃષ્ણએ કહ્યું, "ના, ના, આ તમારે કરવું જ પડશે. મારી રાણીઓ મારી બહુ ભક્તાણીઓ છે. અને બીજા પણ મારા ઘણા ભક્તો છે, જાઓ ! શોધી કાઢો !" આથી, સેવકો રાણીઓને જઈને મળ્યા અને કહ્યું, "અમને તમારા પગની ધૂળ જોઈએ છે અને એ અમારે કૃષ્ણના માથે લગાવી આપવાની છે અને એમના માથાના દુઃખાવાને મટાડવાનો આ એકમાત્ર ઉપાય છે". રાણીઓ તો આ સાંભળીને ડઘાઈ જ ગઈ. રાણીઓ કહેવા લાગી, "શું? અમારા પગની ધૂળ? ના, ના, ના, અમે એવું નહી કરી શકીએ, જરાયે નહીં". એમને પૂછીને પછીથી તેઓ કેટલીક ગોપીકાઓને મળ્યા અને પૂછ્યું. ગોપીકાઓએ જેવું સાંભળ્યું કે, ભગવાન કૃષ્ણને પોતાના માથાનો દુઃખાવો મટાડવા એમના પગની ધૂળ, એમના માથા પર લગાડવા જોઈએ છે, ગોપીકાઓ એક ક્ષણનોય વિલંબ કર્યા વગર કહેવા લાગી, "એમના માથાનો દુઃખાવો મટાડવા અમારા પગથી ધૂળને ! ચોક્કસ લઈ લો, લઈ લ્યો, તમારે જેટલી ધૂળ જોઈએ અમારા પગની, તે બધી કૃષ્ણ માટે લઈ જાવ." ત્યારે સેવકોએ તેમના પગને તળીયે લાગેલી ધૂળ ખંખેરી લઈને ભગવાન કૃષ્ણને દઈ દીધી. ભગવાન કૃષ્ણએ કહ્યું, "ચાલો સરસ થયું. પરંતુ મારે એની જરૂર નથી. હું તો તમને એ પાઠ ભણાવવા માગતો હતો કે જ્યારે તમે એમ માનો છો કે તમે અને તમારા ભગવાન જુદા નથી એજ સાચી ભક્તિ છે. ત્યાં તમારો અહંભાવ (અભિમાન) નથી હોતો." સ્વામી આગળ કહેતા ગયા કે, રાણીઓને એમ લાગતું હતું કે તેઓ પોતે


નિમ્ન/ઉતરતી કક્ષાના (ઈન્ફીરીયર) છે જ્યારે ગોપીકાઓને ભગવાન કૃષ્ણ પ્રત્યે એટલો બધો પ્રેમ હતો કે તેઓએ પોતાના અને કૃષ્ણ વચ્ચે કોઈ ભેદ જોયો જ નહીં. આવો સુંદર પ્રેમ હતો. ગોપીકાઓનો. સ્વામીએ કહ્યું કે, "આ એક પ્રકારનું અભિમાન જ છે કે જેને તમારે-જ્યારે તમે ઈશ્વરને પ્રેમ કરવાનો પ્રયત્ન કરો છો, ત્યારે તે ત્યજવું જોઈએ.

સ્વામીના ૬૦ માં જન્મોત્સવ પર, અમે 'રાધાભક્તિ' નામના નાટકમાં ભાગ લેવા સદ્દભાગી થયા. હવે, સ્વામીએ ચૈતન્ય મહાપ્રભુના નાટકના પ્રેક્ટીસ સેશન્સમાં જેવું કર્યું હતું, તે જ રીતે આ વખતે પણ પ્રેક્ટીસ સેશનમાં આવીને સ્વામી, રાધાની ભક્તિ વિશે સમજાવવા લાગ્યા, કારણ એ નાટકનું મુખ્ય પાત્ર રાધા હતું. સ્વામીએ એક સુંદર વાર્તા કહી,-તેઓ બોલ્યા, "એક વખત માં યશોદા રાધા પાસે આવ્યા અને કહ્યું કે મારો કાનુડો ખોવાઈ ગયો છે. મેં તેની શોધ બધે કરી પરંતુ હું તેને શોધી શકી નથી. શું એ અહીં ક્યાંક છે? મારા કાનુડાને શોધવા મને મદદ કર" અને પછી સ્વામીએ કહ્યું, "રાધાએ આંખો બંધ કરી અને કૃષ્ણને અંદરથી અનુભૂત કરીને પ્રાર્થના કરી. થોડા જ સમયમાં કૃષ્ણ ત્યાં હાજરા-હજુર દેખાયા. માં યશોદા ખૂબ ખુશ થઈ ગઈ અને કૃષ્ણને વળગી પડી, અને કહ્યું, "મને લાગ્યું કે તું ક્યાંક ખોવાઈ ગયો. પરંતુ રાધાએ પ્રાર્થના કરી અને તું તો અહીં આવી પણ ગયો". પછી યશોદાએ રાધાને કહ્યું, "તું સાચે જ કૃષ્ણની પરમ ભક્ત છે. મને, કૃષ્ણની માં હોવાને નાતે આવું એક અભિમાન હતું કે હું જેટલી કૃષ્ણને ચાહું છું, તેટલુ બીજુ કોઈ જ નહીં ચાહતું હોય. પરંતુ આજે તેં આ (માન્યતા)ને ખોટી પાડી અને મેં ભલે બધે તેને શોધ્યો, પરંતુ તું જ એને પ્રગટ કરી શકી."


અન્ય એક સમયે, યશોદાએ કૃષ્ણને કહ્યું, "હું તારા માટે ઘરે કેટકેટલું સરસ ખાવાનું બનાવું છું, હું તારા માટે ઘરે રોજ તાજુ માખણ બનાવું છું, પરંતુ તું આપણા ઘરે કશું જ ખાતો નથી. તું તો રાધાને ઘરે જાય છે, તેમજ બીજી ગોપિકાઓને ઘરે પણ તું માખણ ચોરીને ખાય છે. કૃષ્ણ તું આવું કેમ કરે છે? પછી કૃષ્ણ જવાબ આપતા કહે છે, "તેમને મારા માટે શુદ્ધ-પવિત્ર પ્રેમ છે". સ્વામી આવી બધી વાર્તાઓ કહીને અમને દાખલો બેસાડી આપતા કે નમ્રતા કેવી હોવી જોઈએ. આપણે ભલે ભગવાન કૃષ્ણને કે ભગવાન રામને કે ભગવાન સાઈને-જેને પણ આપણે પ્રાર્થના કરતા હોઈએ/ભજતા હોઈએ, વિનમ્રતા આવી હોવી જોઈએ. એમની દૃષ્ટિએ આ જ તો અહં ન હોવા બરાબર છે.

રાધા વિશે વાતો કરતા, સ્વામીએ અમને એક રાધાનું ભજન શિખવાડ્યું, જે તેમણે જ લખ્યું હતું અને એમણે જાતે જ એને રાગમાં ઢાળ્યું હતું અને અમને શિખવાડ્યું હતું અને એ આવું હતું, "પ્રભુ મી નામા ચિંતને સદાનંદમુ, ઈ રાધા ભક્તિ લોકનિકી શાંતિ પર્વતમ્ " (હે પ્રભુ, તમારૂં દિવ્ય નામ એ જ શાશ્વત આનંદનું સ્રોત છે, આખાયે વિશ્વને રાધાની ભક્તિ એ શાંતિનું ઉત્તમ ઉદાહરણ છે). રાધાનો આ પ્રેમ અને ભક્તિ, એ સમગ્ર વિશ્વને સાચા અર્થમાં શાંતિ આપે છે. તેણી, સમગ્ર વિશ્વને, ઈશ્વર પ્રત્યે આપણો સાચો પ્રેમ અને ભક્તિ કેવા હોવા જોઈએ તેનો ઉત્તમ દાખલો બેસાડી આપે છે.

**- લેખક શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડીકલ સાયન્સીસ, પ્રશાંતિ ગ્રામ ખાતે રેડિયોલોજી અને યુરોલોજી વિભાગમાં સિનિયર મેનેજર છે તેમજ પ્રશાંતિ મંદિર ભજન ગૃપના સભ્ય પણ છે.**



**યુગાદિ, ચૈત્રી નવરાત્રી, ગુડી પડવો અને ચેટીચંડ પર્વ ઉપર સૌને સનાતન સારથિની અંતરતમ શુભેચ્છાઓ...**




# યુનાઈટેડ નેશન્સ દ્વારા વિશ્વનાં આર્થિક અને સામાજિક વિકાસ અંગેના પૂર્ણ અધિવેશન ૨૦૨૨ માં શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટ (પુટ્ટપર્થી) ની સહભાગીતા.

તા. ૨ ફેબ્રુ. ૨૦૨૨ ના રોજ મુખ્ય મથક ન્યુયોર્ક ખાતે યુનાઈટેડ નેશન્સ દ્વારા યોજવામાં આવેલ ECOSOC (Economic & Social Council) પાર્ટનરશીપ ફોરમના પૂર્ણ સત્ર અધિવેશન માં શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટે સન્માન પુર્વક હિસ્સેદારી નોંધાવી હતી. ચર્ચા ના વિષય ને ધ્યાન માં લઈ કોરોના મહામારી (Covid-૧૯) માંથી વિશ્વને વધુ સારી રીતે મુક્ત કરી ૨૦૩૦ સુધીમાં એજન્ડા પ્રમાણે મજ્બુત પ્રગતિ તરફ લઈ જવાના તમામ પ્રયાસો કરવા અને જે સાધનો નો ઉપયોગ કરી શકાય તે તમામ સાધનો નો ઉપયોગ કરી તંદુરસ્ત વિશ્વ નું સર્જન કરવું.

શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ કરતા શ્રી રત્નાકર કે જેઓ સેન્ટ્રલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પણ છે, તેઓએ ભારપુર્વક જણાવ્યુ કે જાહેર આરોગ્ય અને સારી તંદુરસ્તી જાળવવી એ વિશ્વ માટે ખુબ જ જરૂરી બની ગયું છે. આ મહામારી ની પરિસ્થિતિ માંથી સલામત રીતે બહાર નિકળવા માટે પ્રાથમિક તબક્કે કાળજી ભરી સ્થિતિ નું માળખાગત રીતે નિર્માણ કરવું અને આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવો અને તેમાં એક સરખુ પ્રમાણ જળવાઈ રહે તેની વિશેષ કાળજી દાખવવી. શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટનો અનુભવ વર્ણવતા તેઓએ જણાવ્યુ કે આ બાબત માં અમે પૂર્ણ સફળતા મેળવી છે પછી તે મોબાઈલ હોસ્પિટલ હોય કે જનરલ હોસ્પિટલ હોય કે ભારત ભરની કોવિડ- ૧૯ માટેની વિશિષ્ટ હોસ્પિટલો હોય, અમે આ સેવાઓ સંપૂર્ણ પણે નિ:શુલ્ક પુરી પાડી છે. શ્રી રત્નાકરે ભારપૂર્વક આગળ જણાવ્યુ કે માનવ મુલ્યો નો મહત્તમ ઉપયોગ વિશ્વ ને આ મહામારી માંથી મુક્ત કરવામાં થવો જોઈએ અને વિશ્વ ફરીથી સામાન્ય સ્થિતિ પ્રાપ્ત કરે તેવા સંનિષ્ઠ પ્રયાસો થવા જોઈએ.

સામાજીક વિશ્વનાં અસરગ્રસ્ત પ્રદેશોને ધ્યાનમાં લેતા શ્રી રત્નાકરે જણાવ્યુ કે આજે સહકાર અને સહયોગ નું મહત્વ ખુબ જ વધી ગયું છે. સહકાર અને સહયોગ નું વાતાવરણ સર્જાય, તેનો વ્યાપ વધે તેવા પ્રયાસો કરવા એ આજની મુખ્ય જરૂરિયાત છે. વૈશ્વિક સ્તરે આવો સમાજ અસ્તિત્વ માં આવે તેવા સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. શ્રી રત્નાકરે સર્વે NGO ને, સરકારો ને, અને ખાનગી સંકુલો ને આ ઉમદા કાર્ય માં ખભે ખભા મિલાવી સહકાર આપવા નમ્ર વિનંતિ કરી હતી. માનવ મુલ્યો અને નૈતિકતા દ્વારા માર્ગદર્શન મેળવી સામાન્ય જન-હીત ની જાળવણી અને મહામારી પહેલા ના વિશ્વનું ફરીથી નવસર્જન કરવું એ ધ્યેય સાથે આગળ વધવું.

આ પહેલા ૨૪ જુન૨૦૨૦ માં NGO ની કમીટી દ્વારા ભલામણ કરવામા આવી હતી તે મુજબ ECOSOC એ ભલામણ નો સહર્ષ સ્વીકાર કરી શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટ (પુટ્ટ પર્થી) ને U.N અને તેની અન્ય શાખાઓ નાં સલાહકાર તરીકે વરણી કરી હતી. સલાહકાર તરીકે નો દરજ્જો તથા ઉમદા પ્રવૃત્તિ ઓ માં ભાગ લેવા અંગેનાં સર્વ હક્કો પ્રદાન કર્યા હતા.માનવ સેવા ની પ્રવૃત્તિ માં આ સન્માન શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટ માટે વિશિષ્ઠ બની રહે છે.



સમાચાર પત્રની માલિકી અને અન્ય વિષયો સંબંધિત વિવરણ

**સનાતન સારથિ – ગુજરાતી સામયિક**

રજી. નં. 64353/96

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે
'સનાતન સારથિ' – ગુજરાતી, માસિક અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

| | | |
|---|---|---|
| ૧) પ્રકાશનનું સ્થળ | : | સનાતન સારથિ કાર્યાલય, વડોદરા (ગુજરાત) |
| ૨) પ્રકાશનનો સમયગાળો | : | માસિક |
| ૩) મુદ્રક અને પ્રકાશકનું નામ | : | સતીશ માધવ બોકીલ |
| ૪) શું ભારતના નાગરિક છે? | : | હા. |
| ૫) સરનામું | : | સનાતન સારથિ કાર્યાલય, "સાઈ આરોહ" એ/૫, કોમરેડસ્ કોલોની, સાઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા. ૩૯૦ ૦૧૧ |
| ૬) તંત્રીનું નામ | : | સતીશ માધવ બોકીલ |
| ૭) શું ભારતના નાગરિક છે? | : | હા. |
| ૮) તે વ્યક્તિઓના નામ અને સરનામા જે સમાચાર પત્રના માલિક હોય તથા જે સમસ્ત મૂડીના એક ટકાથી વધુના ભાગીદાર હોય અથવા હિસ્સેદાર હોય. | : | શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ, ગુજરાત વતી પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. (૧૦, અંબાલાલ પાર્ક, દરબાર ચોકડી પાસે, માંજલપુર, વડોદરા). |

હું, સતીશ માધવ બોકીલ, આથી જાહેર કરૂ છું કે ઉપર આપેલી વિગત, મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તાઃ૦૧/03/૨૦૨૨ (સહી) એસ.એમ.બોકીલ
(પ્રકાશકની સહી)



Publication Date : 20/03/2022

# સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

Place of Posting - Vadodara (H.O.)



## ઈચ્છાઓ ઘટાડો

જો તમે દિવ્યતાને પામવા ઈચ્છતા હો અને તે પણ શિક્ષા(સજા)થી બચીને, તો તમારે મર્યાદિત પદ્ધતિ સ્વીકારીને આગળ વધવું જોઈએ. વાતો કરવામાં, જોવામાં, ચાલવામાં, વિચારવામાં મર્યાદા રાખવી જોઈએ. પરંતુ આજે તો આપણે બધી હદો વટાવી દીધી છે. આપણી ઈચ્છાઓ અમર્યાદ છે. વેદાંતમાં ઈચ્છાઓને ઘટાડવા માટે વૈરાગ્ય (ત્યજી દેવું) કહેવાય છે. સંન્યાસ એટલે ઈચ્છાઓનો ઘટાડો કરવો. જીવન એક લાંબી યાત્રા છે. તમારી ઈચ્છાઓનો બોજો ઘટાડી દો. 'ઓછો સામાન, વધુ સગવડ' એ પ્રવાસને વધુ આનંદદાયી બનાવે છે.

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોડીસ
"સાંઈ આશિષ" બી-૧, હોમેસ્ટેડ્ કોલોની,
સાંઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૭૬ ૪૯૯૫૩

**મુદ્રક : લેસરકેન ગ્રાફીક્સ**
શક્તિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.